## સંમતિ ઘોષણા

તરફથી:
ઋણ લેનારનું નામ:

સહ-ઋણ લેનાર 1 નું નામ:

ઋણ લેનારનું સરનામું:

સહ-ઋણ લેનાર 1 નું સરનામું:

સહ-ઋણ લેનાર 2 નું નામ:
સહ-ઋણ લેનાર 2 નું સરનામું:

સહ-ઋણ લેનાર 3 નું નામ:
સહ-ઋણ લેનાર 3 નું સરનામું:

સહ-ઋણ લેનાર 4 નું નામ:
સહ-ઋણ લેનાર 4 નું સરનામું:

સહ-ઋણ લેનાર 5 નું નામ:
સહ-ઋણ લેનાર 5 નું સરનામું:

જામીનદારનું નામ:

જામીનદારનું સરનામું:

પ્રતિ,

ચોલામંડલમ્ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કું. લિ
'કોલા ક્રેસ્ટ', C 54 અને 55, સુપર B-4,
થિરુ વિ કા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ગુઈન્ડી,
ચેન્નઈ-600032.

સીઆઇએન: L65993TN1978PLC007576

સહ-ઋણ લેનાર 5 નું સરનામું: 1લી એસટી, S1, બાલાજી નગર,
અય્યપંથંગલ, ચેન્નઈ તમિલનાડુ - 600056

મહાશય

સંદર્ભ: અરજી નંબર

1. હું/અમે જાહેર કરીએ છીએ કે ધિરાણ મેળવવા માટે અમારા દ્વારા આપવામાં આવેલ/આપવામાં આવનાર તમામ વિગતો, માહિતી અને દસ્તાવેજો મારા/અમારી જાણ અને માન્યતા મુજબ તમામ રીતે વાસ્તવિક અને સાચા છે/હશે અને હું/અમે તેમાં કોઈપણ ફેરફારની તાત્કાલિક જાણ કરવાની બાંયધરી આપીએ છીએ. મને ખબર છે કે અહીં પુરી પાડવામાં અને ઇલેક્ટ્રોનિક રીતે અપલોડ કરેલી વિગતો અને દસ્તાવેજો સીઆઇએફસીએલ કર્મચારીઓ અથવા તેના એજન્ટોની સહાયથી છે.

2. હું/અમે જાણીએ છીએ કે જો મારા/અમારા દ્વારા પૂરી પાડવામાં આવેલી કોઈપણ વિગતો અને માહિતી ખોટી, અસત્ય અથવા ગેરમાર્ગે દોરનારી અથવા ખોટી રજૂઆત કરતી હોવાનું જણાય, તો હું/અમે તેના માટે જવાબદાર ઠરી શકીએ છીએ. હું/અમે ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ (સીઆઇએફસીએલ) અને તેના સહયોગીઓ અથવા અન્ય કોઈપણ વ્યક્તિને શાખ મૂલ્યાંકન અથવા અન્ય કોઈપણ હેતુ માટે તમામ વિગતો, માહિતી અને દસ્તાવેજો રાખી મુકવા/વહેંચવા, કોઈપણ માહિતી ચકાસવા અથવા વહેંચવા માટે અધિકૃત કરીએ છીએ.

3. હું/અમે આથી ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ (સીઆઇએફસીએલ) અને તેના ટેલિ-કોલિંગ સેવા પ્રદાતાઓને મારી/અમારી વ્યક્તિગત માહિતી ચકાસવા, ગુણવત્તા તપાસ કરવા, કાયદાકીય/નિયમનકારી આવશ્યકતાઓનું પાલન કરવા અને અન્ય કોઈપણ ધિરાણ સંબંધિત પ્રવૃત્તિઓ માટે મારી/અમારી જાત અને સીઆઇએફસીએલના કર્મચારી વચ્ચેની ટેલિ-વાર્તાલાપ/વોઇસ કોલ રેકોર્ડ કરવા અને રાખી મુકવા માટે અધિકૃત કરીએ છીએ. હું/અમે સમજીએ છીએ કે ઉપરોક્ત રેકોર્ડિંગમાં મારી/અમારી વ્યક્તિગત માહિતી/ડેટા જેમ કે નામ, સરનામું, જન્મ તારીખ, પીએએન, રોજગાર, આવક અને શાખ માહિતી હોઈ શકે છે.

4. હું/અમે આથી જાહેર કરીએ છીએ કે હું/અમે આ અરજી કોઈપણ અધિનિયમ, નિયમો, નિયમનો અથવા કોઈપણ કાનૂન અથવા વિધાન અથવા કોઈપણ સરકારી અથવા વૈધાનિક સત્તાવાળા દ્વારા સમયાંતરે જારી કરાયેલ કોઈપણ સૂચનાઓ/નિર્દેશોનું ઉલ્લંઘન કરીને કરી રહ્યા નથી. હું/અમે સારી રીતે જાણીએ છીએ કે મારી/અમારી ધિરાણ અરજીની મંજૂરી/અસ્વીકાર સીઆઈએફસીએલના સંપૂર્ણ અને સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર આધારિત છે. હું/અમે રજુઆત કરીએ છીએ અને સંમત છીએ કે ભંડોળનો ઉપયોગ ઉપર ઉલ્લેખિત હેતુ માટે કરવામાં આવશે અને તેનો ઉપયોગ કોઈપણ ગેરકાયદેસર, સટ્ટાકીય અથવા અસામાજિક હેતુ માટે કરવામાં આવશે નહીં. હું/અમે પુષ્ટિ કરીએ છીએ કે બાકી લેણાંની વસૂલાત માટે કોઈ નાદારી કાર્યવાહી અથવા દાવો શરૂ કરવામાં આવ્યો નથી અને/અથવા મારી સામે પડતર નથી.

5. હું/અમે પુષ્ટિ કરીએ છીએ કે મારી/અમારી વાર્ષિક ઘરની આવક ત્રણ (3) લાખ રૂપિયાથી વધુ છે એટલે કે, મારા/અમારા પરિવારના એકમની વાર્ષિક આવક, એટલે કે, (પતિ, પત્ની અને અપરિણીત બાળકો) અને તેથી, વર્તમાન સુવિધા હેઠળ મારું/અમારું ધિરાણ માઇક્રોફાઇનાન્સ ધિરાણ તરીકે ગણવા લાયક નથી.

6. મેં/અમે સમયાંતરે મને મળતી ધિરાણ પર લાગુ પડતી ફી અને ચાર્જ વાંચ્યા અને સમજી લીધા છે. હું/અમે જાણીએ છીએ કે વહીવટી અને પ્રક્રિયા ફી અને લાગુ પડતા કરવેરા પરત થવાપાત્ર નથી, અને કોઈ વ્યવહાર રોકડમાં કરવામાં આવ્યો નથી. હું/અમે કંપની અધિનિયમ, 2013 ની જોગવાઈ હેઠળ અપેક્ષીત રીતે સીઆઈએફસીએલના ડિરેક્ટરો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંબંધિત નથી અને આરબીઆઈની કેવાયસી માર્ગદર્શિકા મુજબ રાજકીય રીતે જાહેર વ્યક્તિ નથી. હું/અમે સમય પર અમલમાં રહેલા સીઆઇએફસીએલના તમામ ધોરણોનું પાલન કરીશું અને ઉપરોક્ત સ્થિતિમાં કોઈપણ ફેરફાર અંગે કંપનીને જાણ કરીશું. હું/અમે સીઆઇએફસીએલના નિર્ણયને અસર કરી શકે તેવી કોઈપણ માહિતી જે સીઆઇએફસીએલના નિર્ણયને પ્રભાવિત કરી શકે, છુપાવેલ નથી/છુપાવીશું નહીં.

7. હું/અમે, ફક્ત સીકેવાયસીઆર ના ડેટાબેઝમાંથી મારી/અમારી ઓળખ અને સરનામાની ચકાસણીના હેતુ માટે, સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રી (સીકેવાયસીઆર) માંથી મારા/અમારા કેવાયસી રેકોર્ડ્સ ડાઉનલોડ કરવા માટે મારી/અમારી સંમતિ આપું છું. હું/અમે સમજીએ છીએ કે મારા/અમારા કેવાયસી રેકોર્ડમાં મારી/અમારી વ્યક્તિગત માહિતી જેમ કે મારું/અમારું નામ, સરનામું, જન્મ તારીખ, પીએએન નંબર, વગેરે સામેલ છે. વધુમાં, હું/અમે અહીં તમને પૂરા પાડવામાં આવેલ નંબર/ઈ-મેલ સરનામાં પર એસએમએસ/ઈમેલ દ્વારા સીકેવાયસીઆર તરફથી માહિતી પ્રાપ્ત કરવા માટે સંમતિ આપીએ છીએ.

8. જો મારા/અમારા દ્વારા તમારી સાથે પહેલાથી જ રજુ કરવામાં આવેલ કેવાયસી પુરાવામાં કોઈ અપડેટ હોય, તો હું/અમે આવા અપડેટના 30 દિવસની અંદર અપડેટ કરેલા કેવાયસી પુરાવાની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની બાંયધરી આપીએ છીએ. તેવી જ રીતે, જો અરજદાર/સહ-અરજદારની લાભદાયી માલિકીની વિગતોમાં કોઈ ફેરફાર થાય છે, તો તે તાત્કાલિક અંતિમ લાભદાયી માલિક(કો) ના કેવાયસી પુરાવા સાથે અપડેટ કરવામાં આવશે.

9. હું/અમે આ દ્વારા સ્વેચ્છાએ મારી/અમારી ઓળખ અને સરનામાના પુરાવા તરીકે યુઆઇડીએઆઇ (આધાર) દ્વારા જારી કરાયેલ આધાર કાર્ડ/ભૌતિક ઈ-આધાર/માસ્ક્ડ આધારની નકલ સીઆઇએફસીએલ ને રજુ કરીએ છીએ. હું/અમે એ પણ જાણીએ છીએ અને માહિતગાર છીએ કે આધાર ઉપરાંત સીઆઇએફસીએલ દ્વારા મંજૂર વિકલ્પો અનુસાર ઓળખ અને સરનામાના પુરાવા તરીકે અન્ય કોઈપણ દસ્તાવેજો પણ રજૂ કરી શકાય છે. હું/અમે સીઆઇએફસીએલ ને મારા/અમારા દ્વારા અરજી કરાયેલ સુવિધા આપવા માટે આધાર ચકાસવા માટે મારી/અમારી સ્પષ્ટ સંમતિ આપીએ છીએ. જો હું/અમે સરનામા/ઓળખના પુરાવા તરીકે આધાર xml ફાઇલ રજુ કરીએ છીએ, તો સીઆઇએફસીએલ તેને ડિક્રિપ્ટ કરી શકે છે અને રેકોર્ડ માટે સંગ્રહિત કરી શકે છે અને ડિક્રિપ્શનના હેતુ માટે તેઓ તૃતીય પક્ષની સેવાઓનો ઉપયોગ કરી શકે છે. સીઆઇએફસીએલ એ મને/અમને સમજાવ્યું છે કે આધારમાં ઉપલબ્ધ ઓળખ અને સરનામું સીઆઇએફસીએલ દ્વારા શાખ અને ક્ષેત્ર ચકાસણીના હેતુ માટે વહેંચવામાં આવી શકે છે જે સીઆઇએફસીએલ દ્વારા તેમની સમ્યક તત્પરતા દરમિયાન જરૂરી માનવામાં આવે છે.

10. હું/અમે આથી માહિતી ટેકનોલોજી અધિનિયમ, 2000 હેઠળ ઉલ્લેખિત પ્રક્રિયાઓ અને પ્રમાણીકરણ તકનીકોનું પાલન કરીને ધિરાણ સંબંધિત દસ્તાવેજો પર ઇલેક્ટ્રોનિક રીતે સહી કરવા માટે સંમતિ આપીએ છીએ, જેમાં આધાર અથવા અન્ય ઇ-કેવાયસી સેવા દ્વારા ઇ-સાઇનનું પ્રમાણીકરણ સામેલ છે.

11. હું/અમે જાહેર કરીએ છીએ કે ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ, જે એક આંતર-સરકારી સંસ્થા છે, દ્વારા તેમના જાહેર નિવેદનમાં મની લોન્ડરિંગ વિરોધી અને/અથવા આતંકવાદના નાણાકીય સહાય સામે લડવામાં ઉણપો માટે.તેમના અધિકારક્ષેત્રોમાં આવતા વ્યક્તિઓ ઓળખ કરાયેલ અને સૂચિબદ્ધ કરવામાં આવેલ સાથે મારા/અમારા કોઈ વેપાર/વ્યવસાયિક વ્યવહારો/જોડાણ નથી,

12. હું/અમે આથી સીઆઇએફસીએલ ને મારી/અમારી શાખ યોગ્યતા ચકાસવા માટે કોઈપણ શાખ માહિતી કંપનીઓ પાસેથી શાખ અહેવાલ મેળવવા માટે અધિકૃત કરીએ છીએ. હું/અમે સંમતિ આપીએ છીએ કે મારા/અમારા દ્વારા પૂરા પાડવામાં આવેલા સંદર્ભ સંપર્કોનો સંપર્ક મારી/અમારી ઓળખ, ચુકવણી ક્ષમતાની ચકાસણી માટે અને/અથવા મારા/અમારા દ્વારા આ અરજીની શરતોનો ભંગ થાય તો નિયત તારીખે ચુકવણી કરવામાં નિષ્ફળતા સહિત વસૂલાતના પ્રયાસો કરવા માટે કરી શકાય છે. હું/અમે સંમત છીએ અને સ્વીકારીએ છીએ કે સીઆઇએફસીએલ પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, પોતાના દ્વારા અથવા અધિકૃત વ્યક્તિઓ, વકીલો, એજન્સીઓ, બ્યુરો વગેરે દ્વારા, આપેલ કોઈપણ માહિતીની ચકાસણી કરી શકે છે, શાખ સંદર્ભો, રોજગાર વિગતો ચકાસી શકે છે અને સમય પર શાખ યોગ્યતા નક્કી કરવા માટે શાખ અહેવાલ મેળવી શકે છે. હું/અમે આથી સીઆઇએફસીએલ ને મારા/અમારા વ્યવસાયની માન્યતા ચકાસવા માટે સત્તાવાર વ્યવસાય નોંધણી સંસ્થાઓ પાસેથી મારા/અમારા વ્યવસાયની વિગતો મેળવવા માટે અધિકૃત કરીએ છીએ. હું/અમે સમજીએ છીએ કે વ્યક્તિગત શાખ અને જોખમ રૂપરેખાના આધારે વિવિધ શ્રેણીના ઉધાર

લેનારાઓ માટે વ્યાજ દર અલગ હશે અને વ્યાજ દર નમૂના સીઆઇએફસીએલ ની વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલ છે.

13. હું/અમે તમને નીચેના મુદ્દાઓ પર એસએમએસ/ઈમેલ/સૂચના મોકલવા અને મને જાણ કરવા માટે ફોન કરવાની પરવાનગી આપીએ છીએ:

- મારા ધિરાણ ખાતા/ખાતાઓ (ફરજિયાત) સંબંધિત કોઈપણ વ્યવહારિક સંદેશાઓ;

આવા બિન-વ્યવહારિક સંદેશાવ્યવહાર પસંદ કરવા માટે બોક્સ પર ટિક કરો;

☑ ધિરાણ/સેવાઓ અથવા આવા અન્ય સંબંધિત ઉત્પાદનો સંબંધિત કોઈપણ વ્યાપારી, માર્કેટિંગ અને પ્રોત્સાહન સંદેશાઓ;

☑ જન્મ/લગ્ન દિવસની શુભેચ્છાઓ સહિત કોઈપણ ઋતુની શુભેચ્છાઓ.

નોંધ: અરજદાર સીઆઇએફસીએલ નો સંપર્ક કરીને બિન-વ્યવહારિક સંદેશાવ્યવહાર માટે આપવામાં આવેલી સંમતિમાં ફેરફાર/રદ કરી શકે છે.

14. હું/અમે સીઆઇએફસીએલ ને જીવન, આરોગ્ય, અકસ્માત વગેરે માટે વીમા પૉલિસી કવરની સુવિધા આપવા વિનંતી કરીએ છીએ અને જો મંજૂર થાય તો સીઆઇએફસીએલ દ્વારા નાણાં માટે વિનંતી કરીએ છીએ.

આપનો આભાર

નિષ્ઠાપૂર્વક આપનો

વતી

| | | | |
|---|---|---|---|
| ઋણ લેનારનું નામ અને હસ્તાક્ષર | સહ-ઋણ લેનાર 1 નું નામ અને હસ્તાક્ષર | સહ-ઋણ લેનાર 2 નુ નામ અને હસ્તાક્ષર | સહ-ઋણ લેનાર 3 નુ નામ અને હસ્તાક્ષર |
| સહ-ઋણ લેનાર 4 નુ નામ અને હસ્તાક્ષર | સહ-ઋણ લેનાર 5 નુ નામ અને હસ્તાક્ષર | જામીનદારનું નામ અને સહી: | |

**ધિરાણ કરાર – લઘુ ઉદ્યોગ ધિરાણ**

આ ધિરાણ કરાર ધિરાણ કરારનાં પરીશીષ્ટમાં ઉલ્લેખિત તારીખે કરવામાં આવ્યો છે. (‘**અમલ કર્યાની તારીખ**”) દ્વારા અને વચ્ચે: :

પ્રથમ પક્ષકાર ઋણ લેનાર અને સહ-ઋણ લેનાર(રો), જે આમાના પરીશીષ્ટમાં વધુ સ્પષ્ટ રીતે વર્ણવેલ અને જણાવેલ છે (હવે પછીથી "ઋણ લેનાર" તરીકે ઓળખવામાં આવશે) અને જામીનદાર(રો), જે આમાના પરીશીષ્ટમાં વધુ સ્પષ્ટ રીતે વર્ણવેલ અને જણાવેલ છે (હવે પછીથી "જામીનદાર" તરીકે ઓળખવામાં આવશે) જે અભિવ્યક્તિઓ જ્યાં સુધી તેના સંદર્ભ અથવા અર્થથી વિપરીત ન હોય, તેનાં અર્થમાં જે તે કિસ્સામાં તેના/તેણીના/તેના/તેમના જે તે વારસદારો, અમલકર્તાઓ, વહીવટકર્તાઓ, નોમિની, વકીલો અને કાનૂની પ્રતિનિધિઓ (જ્યાં ઋણ લેનાર/જામીનદાર એક વ્યક્તિગત/એકમાત્ર માલિક હોય), હિતમાં વારસદાર હોય, (જ્યાં ઋણ લેનાર/જામીનદાર કંપનીઝ એક્ટ, 2013 અથવા કોઈપણ અન્ય સંસ્થા કોર્પોરેટના અર્થમાં કંપની હોય), પેઢીના સમયાંતરે ભાગીદારો, તેમના હયાત વંશજ(જો) અને વારસદારો, અમલકર્તાઓ, વહીવટકર્તાઓ, કાનૂની પ્રતિનિધિઓ, નોમિની અને ભાગીદારોના અનુગામીઓ (જ્યાં ઋણ લેનાર/જામીનદાર ભાગીદારી પેઢી હોય), નો સમાવેશ થાય છે.

અને

ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ, કંપનીઝ એક્ટ, 1956 હેઠળ શરૂ થયેલ અને નોંધાયેલ 'ચોલા ક્રેસ્ટ', C 54 અને 55, સુપર B-4,, થિરૂ વી કા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ - 600 032 ખાતે અને તેનું રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતી કંપની (હવે પછીથી "કંપની" તરીકે ઓળખાશે), જે અભિવ્યક્તિના અર્થ અંદ સંદર્ભમાં અભિવ્યક્તિઓ જ્યાં સુધી તેના સંદર્ભ અથવા અર્થથી વિપરીત ન હોય, તેના અનુગામીઓ અને નિયુક્ત વ્યક્તિઓનો સમાવેશ થાય છે અન્ય પક્ષકાર.

ઋણ લેનાર(રો)/જામીનદાર(રો) અને કંપનીને હવે પછી સામૂહિક રીતે "પક્ષકારો" અને વ્યક્તિગત રીતે "પક્ષકાર" તરીકે ઓળખવામાં આવશે.
જ્યારે કે

A. કંપની અન્ય બાબતોની સાથે વિવિધ ગ્રાહકોને ધિરાણ/શાખ સુવિધાઓ પૂરી પાડવાના વ્યવસાયમાં રોકાયેલી છે;

B. દેવાદારે ધિરાણ અરજી અને પરીશીષ્ટમાં વધુ સંપૂર્ણ રીતે વર્ણવેલ હેતુ માટે કંપનીને નાણાકીય સુવિધા માટે વિનંતી કરી છે;

C. જામીનદારે કંપનીને ઋણ લેનારને ઉપરોક્ત નાણાકીય સુવિધા આપવા વિનંતી કરી છે અને ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, જામીનદારે કંપનીને ઋણ લેનાર દ્વારા અહીં સમાવિષ્ટ કરારના નિયમો અને શરતોનો યોગ્ય અમલ કરવાની અને આ ધિરાણ કરારમાં નિર્ધારિત તમામ જવાબદારીઓ પૂર્ણ કરવાની બાંયધરી આપવા સંમતિ આપી છે;

D. કંપની, ઋણ લેનાર અને જામીનદાર દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના આધારે, ઋણ લેનારને માંગવામાં આવેલ ધિરાણ, હવે પછીથી આગળ નિર્ધારિત નિયમો અને શરતો પર પૂરી પાડવા માટે સંમત થઈ છે.

**હવે આ ધિરાણ કરાર નીચે મુજબ કરવામાં આવે છે:**

**1. વ્યાખ્યાઓ અને અર્થઘટન**

આ ધિરાણ કરારમાં, જ્યાં સુધી તેના વિષય અથવા સંદર્ભથી વિપરીત કંઈ ન હોય, ત્યાં સુધી નીચે સૂચિબદ્ધ કરેલ અભિવ્યક્તિઓનો અર્થ નીચે મુજબ રહેશે. અહીં વ્યાખ્યાયિત ન કરાયેલા શબ્દો અને અભિવ્યક્તિઓ, જ્યાં અર્થઘટન અને અર્થ જનરલ ક્લોઝ એક્ટ, 1897 ની દ્રષ્ટિએ તેમને સોંપવામાં આવ્યા હોય, ત્યાં તે અર્થઘટન અને અર્થ હશે.

a. "લાગુ પડતો કાયદો" એટલે કોઈપણ (a) બંધારણ, સંધિઓ, કાનૂનો, કાયદાઓ, સંહિતાઓ, નિયમો, નિયમનો, સૂચનાઓ, પરિપત્રો, વટહુકમો અથવા કોઈપણ સરકારી સત્તાવાળાના આદેશો, જે કાયદાનો પ્રભાવ ધરાવે છે, અને (b) કોઈપણ સરકારી સત્તાવાળાના આદેશો, નિર્ણયો, મનાઈ હુકમો, ચુકાદાઓ, ઠરાવો અને હુકમનામા અથવા કરારોની કોઈપણ અને તમામ લાગુ જોગવાઈઓ.

b. "ડ્યુ ડેટ" નો અર્થ એ તારીખ જે આ ધિરાણ કરાર હેઠળ ધિરાણની મુદ્દલ, વ્યાજ અને/અથવા ચૂકવવાપાત્ર કોઈપણ અન્ય રકમ અને/અથવા ધિરાણની બાકી રકમનો હપ્તો, આ ધિરાણ કરારની કોઈપણ કલમ હેઠળ ચુકવણી માટે બાકી હોય તે તારીખ.

c. "ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસીસ" અથવા "ઇસીએસ" અને "નેશનલ ઓટોમેટેડ ક્લિયરિંગ હાઉસ" અથવા "એનએસીએચ " નો અર્થ ઇએનએસીએચ અથવા ભારતીય રિઝર્વ બેંક દ્વારા સૂચિત કોઈપણ અન્ય આદેશો સહિત ડેબિટ ક્લિયરિંગ સેવા છે, જેમાં ભાગીદારીને આ ધિરાણ કરાર હેઠળ હપ્તાઓની ચુકવણીની સુવિધા માટે ઋણ લેનાર દ્વારા લેખિતમાં સંમતિ આપવામાં આવી છે.

d. "હપ્તા" નો અર્થ ઋણ લેનાર દ્વારા કંપનીને દરેક નિયત તારીખે ચૂકવવાપાત્ર રકમ છે, જે ધિરાણના સમયગાળા દરમિયાન વ્યાજ સાથે ધિરાણની ઋણમુક્તિ કરવા માટે જરૂરી છે.

e. "ધિરાણ કરાર" નો અર્થ અને તેમાં સામેલ છે આ ધિરાણ કરાર, પરીશીષ્ટ/ટો, કોઈપણ ઉમેરાઓ, સ્વાગત પત્ર, પૂરક કરારો અથવા જોડાણો જે સાથે જોડવામાં આવ્યા છે અથવા આ ધિરાણ કરારની શરતો અનુસાર સમયાંતરે સુધારેલ છે.

f. "ધિરાણ" નો અર્થ આ ધિરાણ કરારના પરીશીષ્ટમાં ઉલ્લેખિત લઘુ ઉદ્યોગ ધિરાણની રકમ છે.

g. "ધિરાણ અરજી" એટલે ઋણ લેનાર દ્વારા ધિરાણકર્તાને ભૌતિક અથવા ઇલેક્ટ્રોનિક રીતે ધિરાણની વિનંતી કરતી ધિરાણ અરજી.

h. કોઈપણ કાયદા અથવા કાયદા અથવા તેની કોઈપણ જોગવાઈના સંદર્ભના અર્થમાં કોઇપણ સંદર્ભો જેમ કે "બાકી લેણાં", કોઈપણ સમયે બાકી ધિરાણની રકમ, હપ્તાઓ સાથે ઉપાર્જિત બીનચૂકવેલ વ્યાજ અને લાગૂ પડતા અન્ય કોઈપણ ચાર્જ, દંડનીય ચાર્જ, ખર્ચ, ફી અને જે ધિરાણના સંદર્ભમાં ઋણ લેનાર દ્વારા કંપનીને ચૂકવવાના બાકી હોય.

**i. "દંડનીય ચાર્જ" નો અર્થ આ ધિરાણ કરારની કલમ 16 માં દર્શાવેલ અર્થ મુજબ થશે.**

j. “લી ચૂકવણી" એટલે કંપની દ્વારા તે અંગે નિર્ધારિત કરેલ પરત ચુકવણી સમયે અમલમાં હોય તે નિયમો અને શરતો અનુસાર અને સમયપૂર્વ ચુકવણી.

k. "વ્યાજ દર" એટલે આ ધિરાણ કરારની કલમ 3 માં ઉલ્લેખિત વ્યાજ દર.

l. “"પરત ચુકવણી" નો અર્થ છે ધિરાણની મુદ્દલ અને તેના પરના વ્યાજની હપ્તાઓ દ્વારા કરવામાં આવતી પરત ચુકવણી જેમાં દંડનીય ચાર્જ અથવા અન્યથા, પ્રતિબદ્ધતા અને/અથવા કંપનીને આ ધિરાણ કરારની શરતોમાં ચૂકવવાપાત્ર કોઈપણ અન્ય ચાર્જ, પ્રીમિયમ, ફી અથવા અન્ય બાકી રકમનો સમાવેશ થાય છે અને ખાસ કરીને, આ ધિરાણ કરારની કલમ 7 માં પૂરી પાડવામાં આવેલ ઋણમુક્તિનો અર્થ થાય છે:

m. "મંજૂરી પત્ર" એટલે કંપની દ્વારા ધિરાણ મંજૂર કરતો પત્ર અને તેની સંબંધિત વિગતો, નિયમો અને શરતોનો ઉલ્લેખ.

n. "પરીશીષ્ટ" નો અર્થ આ ધિરાણ કરારનું પરીશીષ્ટ છે.

o. "સ્વાગત પત્ર" એટલે આ કરારના અમલ પછી કંપની દ્વારા ઋણ લેનારને જારી કરાયેલ પત્ર, જેમાં દરેક નિયત તારીખે ચૂકવવાપાત્ર હપ્તાઓ, હપ્તાઓ ચૂકવવાનના આવર્તન અને દરેક હપ્તા હેઠળ મુદ્દલ અને વ્યાજનું વિભાજન વિગતવાર દર્શાવવામાં આવેલ હોય.

**2. ધિરાણની શરતો:**

a. કંપની અહીં જણાવેલ શરતો પર ધિરાણ અરજી અને મંજૂરી પત્રમાં ઉલ્લેખિત હેતુ માટે ઋણ લેનારને ધિરાણ આપવા માટે સંમત થાય છે.

b. આ ધિરાણ કરાર હેઠળ આપવામાં આવેલ ધિરાણ વિતરણ તારીખથી શરૂ થતા સમયપત્રક (ધિરાણ કાર્યકાળ) માં ઉલ્લેખિત સમયગાળા માટે રહેશે, સિવાય કે આ ધિરાણ કરાર અહીં નિર્ધારિત રીતે વહેલા સમાપ્ત કરવામાં આવે, જે આ ધિરાણ કરાર હેઠળ નિર્ધારિત શરતો અનુસાર ઋણ લેનાર દ્વારા બાકી લેણાં સાથે ધિરાણની સંપૂર્ણ અને અંતિમ ચુકવણીને આધીન છે.

**3. વ્યાજ:**

a. ધિરાણની રકમ પર વ્યાજ દર અહીંના પરીશીષ્ટમાં ઉલ્લેખ કર્યા મુજબ રહેશે અને ઋણ લેનાર ધિરાણ (વ્યાજ) ના વિતરણની તારીખથી તે ચૂકવવા માટે જવાબદાર રહેશે.

b. ધિરાણની મુદત દરમિયાન પરીશીષ્ટમાં નિર્ધારિત વ્યાજ અચલ રહેશે. જોકે, કંપની તેની વિવેકબુદ્ધિથી, આ ધિરાણ કરારના અમલ દરમિયાન ધિરાણ માટે લાગુ પડતા વ્યાજ દરમાં સમયાંતરે, ઉપર અથવા નીચે સંભવિત સુધારો કરવા હકદાર રહેશે. આવા ફેરફાર મંજૂરી પત્રની શરતોને આધીન રહેશે અને ઋણ લેનારને 7 (સાત) દિવસ અગાઉ જાણ કરવામાં આવશે અને ઋણ લેનાર અને જામીનદારને બંધનકર્તા રહેશે.

c. વ્યાજ દિવસો દિવસ એકત્ર થશે અને માસિક ધોરણે અથવા જે તે કિસ્સામાં હોય તે મુજબ વીતી ગયેલા દિવસોની વાસ્તવિક સંખ્યાના આધારે ગણતરી કરવામાં આવશે.

d. આ ધિરાણ કરાર હેઠળ ઉધાર લીધેલ રકમ એક વાણિજ્યિક વ્યવહાર છે અને ઉધાર ઋણ લેનાર/જામીનદાર વ્યાજ અથવા વ્યાજ વસૂલવા સંબંધિત અન્ય કાયદાઓ હેઠળ કોઈપણ બચાવને જતો કરે છે.

e. વ્યાજની ગણતરી - હપ્તામાં મુદ્દલ અને વ્યાજનો સમાવેશ થાય છે જે અહીં આપેલા પરીશીષ્ટ માં ઉલ્લેખ કરેલ વ્યાજ દરના આધારે ગણવામાં આવે છે અને માસિક ઘટતી બાકી રકમ પર ગણતરી કરાયેલ નજીકના રૂપિયા સુધી પૂર્ણ થાય છે.

**4.વહીવટી અને પ્રક્રિયા ફી:**

કંપનીને અરજી રજુ કરતી વખતે ઋણ લેનાર દ્વારા સંમત થયા મુજબ, આ કરારના પરીશીષ્ટમાં ઉલ્લેખિત ધિરાણની પ્રક્રિયા અને મંજૂરી સંબંધિત તમામ ખર્ચ કંપનીને ચૂકવવા માટે દેવાદારે કોઈપણ બળજબરી અથવા અનુચિત પ્રભાવ વિના પોતાની સંમતિ વ્યક્ત કરી છે. ધિરાણ મંજૂર થયા પછી ધિરાણ લેવામાં ન આવે અથવા કંપની દ્વારા આપવામાં ન આવે તો પણ, કોઇપણ સંજોગોમાં ઋણ લેનાર વહીવટી અંદ પ્રક્રિયા ફી પરત કરવામાં આવશે નહીં.

**5. વિતરણ:**

a. ઋણ લેનાર કંપની દ્વારા તેની ઇચ્છા મુજબ ધિરાણ વિતરણની રીત સૂચવશે. જોકે, કંપની પાસે વિતરણની રીત નક્કી કરવાનો સંપૂર્ણ વિવેકાધિકાર રહેશે, જે આ ધિરાણ કરાર હેઠળ વિચારણા મુજબ ઋણ લેનારને વિતરણ માનવામાં આવશે. ઋણ લેનાર વતી અન્ય કોઈપણ પક્ષને કરવામાં આવેલા આવા તમામ વિતરણોને ઋણ લેનારને કરવામાં આવેલી ચુકવણી તરીકે અર્થઘટિત કરવામાં આવશે જે ઋણ લેનાર અહીં સ્વીકારે છે.

b. આ ધિરાણ કરારની શરતો હેઠળ કંપની દ્વારા ઋણ લેનારને કરવામાં આવનારી બધી ચુકવણીઓ એનઇએફટી/આરટીજીએસ અથવા લાગુ કાયદા હેઠળ મંજૂર ભંડોળ તબદીલીના કોઈપણ અન્ય સ્વીકૃત માધ્યમો દ્વારા કરવામાં આવશે, જે કંપનીની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી હશે.

c. અહીં ઋણ લેનાર સંમત થાય છે કે વિતરણની તારીખ એ તારીખ હશે જે દિવસે કંપની એનઇએફટી/આરટીજીએસ /ઇલેક્ટ્રોનિક ભંડોળ તબદીલીના કોઈપણ અન્ય માધ્યમ દ્વારા સીધા ઋણ લેનારના બેંક ખાતામાં જમા કરશે. ("વિતરણ તારીખ").

d. ઋણ લેનાર ધિરાણ રદ કરવાનો અથવા ચુકવણી સ્વીકારવાનો ઇનકાર કરવા હકદાર રહેશે નહીં.

**6. વીમો:**

ઋણ લેનારની વિનંતી પર, કંપની પોતાની વિવેકબુદ્ધિથી, વ્યક્તિગત અકસ્માત, આકસ્મિક હોસ્પિટલમાં દાખલ થવા, કંપનીને બાકી લેણાં અને/અથવા ગંભીર બીમારીના જોખમો સહિત વિવિધ જોખમો સામે ઋણ લેનારને વીમો આપતી વીમા પૉલિસીના વીમા પ્રીમિયમ માટે પણ નાણાં પૂરા પાડી શકે છે, તે એ શરતે કે આવી વીમા પૉલિસી કંપની દ્વારા ઋણ લેનાર વતી કંપની દ્વારા મંજૂર કરાયેલ વીમા કંપની પાસેથી લેવામાં આવી હોય, જેને ઋણ લેનાર દ્વારા આવી વીમા કંપનીને ચોક્કસ સૂચના અને સત્તા સાથે આપવામાં આવી હોય કે કોઈપણ નુકસાનના કિસ્સામાં, નુકસાન આવી વીમા કંપની દ્વારા કંપનીને ચૂકવવામાં આવશે. આથી ઋણ લેનાર કંપનીને આ ધિરાણ કરાર હેઠળ બાકી રહેલી અને ચૂકવવાપાત્ર રકમ સામે વીમાની રકમનો દાવો કરવા અને તેમાંથી રકમ મેળવવા માટે અફર રીતે અધિકૃત કરે છે. કંપની દ્વારા દે ઋણ લેનાર વતી ચૂકવવામાં આવેલ વીમા પ્રીમિયમ અહીં આપવામાં આવેલ ધિરાણમાં મુખ્ય રકમ તરીકે ઉમેરવામાં આવશે અને તે ધિરાણનો ભાગ રહેશે. ધિરાણનો ભાગ હોવાથી, કંપની દ્વારા માન્ય વીમા કંપનીને સીધી વીમા પ્રીમિયમ ચૂકવી શકાય છે અને આવી ચુકવણીને ઋણ લેનારને કરેલી ચુકવણી માનવામાં આવશે.

જો ઋણ લેનારે વીમા કવચ પસંદ કર્યું હોય અને કંપની દ્વારા લેવામાં આવેલી 'જુથ વીમા પૉલિસી'નો સભ્ય હોય, તો કંપનીને બાકી લેણાં માટે તે હેઠળ ચૂકવવામાં આવેલા વીમા દાવાને સમુચિત કરવાનો અધિકાર રહેશે. જો આવા વિનિયોગ પછી, કોઈ વધારાનો અવશેષ રહે, તો તે ઋણ લેનારને ચૂકવવામાં આવશે. જો કોઈ ખાધ હોય, તો ઋણ લેનાર તાત્કાલિક સંપૂર્ણ ખાધ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

**7. પરત ચૂકવણી:**

a. ઋણ લેનાર કંપનીને તમામ હપ્તાઓ નિયત તારીખે અને ચાર્જિસ જ્યારે ચૂકવવાના થતા હોય, ત્યારે કોઈપણ વિલંબ અથવા ચૂક વિના. ચૂકવશે. ઋણ લેનાર સ્વીકારે છે કે ધિરાણ મંજૂર કરવા માટે ચુકવણી સમયપત્રકનું કડક પાલન કરવું એ એક આવશ્યક શરત છે અને તે સમય આ કરારનું સારતત્ત્વ છે.

b. ઋણ લેનાર દ્વારા પરત ચુકવણી સમયપત્રકમાં દર્શાવેલ શરતો અનુસાર હપ્તાઓમાં કરવામાં આવશે. અહીં નીચે દર્શાવેલ ચુકવણી સમયપત્રક કંપનીના અધિકારને કોઈ બાધ આવ્યા વિના, આ ધિરાણ કરાર હેઠળ ધાર્યા અનુસાર વ્યાજ અને અન્ય બાકી રકમ સાથે સમગ્ર ધિરાણ માંગણી કર્યાથી ચૂકવવાપાત્ર રહેશે. વધુમાં, હપ્તાની ગણતરી/નિર્ધારણ, કોઈપણ તબક્કે એવું જણાય કે હપ્તાની ગણતરી ખોટી રીતે કરવામાં આવી છે તે કિસ્સામાં પુન:ગણતરી સહિત, કંપનીના હપ્તાની રકમની પુનઃગણતરી કરવાના અધિકારને કોઈ બાધ આવ્યા વિના રહેશે. જોકે, પરીશીષ્ટમાં આપેલા હપ્તાઓ કોઈપણ સમયે, જો તે યોગ્ય માને તો, ધિરાણ કરાર સમાપ્ત કરવાના અને પહેલાથી જ બાકી રહેલી અને બાકી રહેલી બધી રકમ, જો કોઈ હોય તો, ભવિષ્યના તમામ હપ્તાઓ અને બાકી રહેલી કોઈપણ અન્ય રકમ ની, ભવિષ્યના હપ્તાઓ પર તેના દ્વારા છૂટ આપેલ કોઈપણ વટાવને આધીન.ચુકવણીની માંગણી કરવાના કંપનીના અધિકારોને અસર કરશે નહીં.

c. કંપનીને ઋણ લેનાર દ્વારા ચૂકવવાપાત્ર તમામ રકમ, નિયત તારીખે અથવા તે પહેલાં કોઈપણ કપાત વિના ચૂકવવામાં આવશે.

d. જો કે, દંડનીય ચાર્જિસ ધિરાણધિરાણ ફાળવણીની મહત્ત્વપૂર્ણ શરતરૂપે પરત ચૂકવણીના સમયપત્રકનું ચુસ્તપણે અનુસરણ કરવાની જવાબદારીથી ઋણ લેનારને મૂક્ત નથી કરતા.

e. ઋણ લેનાર પુષ્ટિ કરે છે કે તેમણે હપ્તાઓની ગણતરી કરવાની કંપનીની પદ્ધતિ તેમજ તેના મુદ્દલ અને વ્યાજનું વિભાજન વાંચેલ છે, સમજેલ છે અને સ્વીકાર કરે છે.

f. જો ચુકવણીની તારીખ રજાના દિવસે આવે છે, તો ચુકવણી તેના પહેલાના કામકાજના દિવસે કરવાની રહેશે.

g. કોઈપણ કારણોસર, નિયત તારીખો પહેલાં ઋણ લેનાર દ્વારા કરવામાં આવેલ કોઈપણ અગ્રીમ ચુકવણી, ઋણ લેનારના ધિરાણ ખાતામાં જમા કરવામાં આવશે. હપ્તા સામે મળેલી આવી અગ્રીમ રકમનું સમાયોજન ફક્ત નિયત તારીખે જ આવી ચુકવણી માટે આપવામાં આવશે. આ રીતે મળેલ અગ્રીમ ચૂકવણી વ્યાજમાં કોઈપણ છૂટ માટે પાત્ર રહેશે નહીં.

h. આ ધિરાણ કરારની કલમ 15 અનુસાર, ઋણ લેનાર નિર્ધરિત સમય અગાઉ ધિરાણ ચૂકવવાનું પસંદ કરી શકે છે.

i. જો ઋણ લેનાર કરાર હેઠળ ચૂકવવામાં આવતી ચુકવણી તારીખો અને શુલ્ક (જો કોઈ હોય તો) પર અથવા તે પહેલાં હપ્તાઓ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો કંપની નિયત તારીખના અંતે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) ની લાગુ માર્ગદર્શિકા અનુસાર સુવિધાને સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ (એમએમએ)/ નોન પરફોર્મિંગ એકાઉન્ટ (એંપીએ) અથવા આવી અન્ય શ્રેણી હેઠળ વર્ગીકૃત કરશે. એસએમએ અને એનપીએ શ્રેણીઓના વર્ગીકરણનો આધાર અને તેના માટેનું ઉદાહરણ પરીશીષ્ટમાં આપવામાં આવેલ છે.

**8. હપ્તા ચૂકવવાની રીત:**

a. અહીં જણાવેલ નિયમો અને શરતોને આધીન, ધિરાણની ચુકવણી સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન્સ, ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ (ઇસીએસ) અથવા એસીએચ /ઇ-એનએસીએચ અથવા કંપની દ્વારા સમય પર સ્વીકારવામાં આવતી અન્ય રીત દ્વારા કરવામાં આવશે જે કંપનીને ઋણ લેનારના બેંક ખાતામાં સીધા ઉધારીને બાકી હપ્તાઓ એકત્રિત કરવા માટે અધિકૃત કરે છે.

b. ઋણ લેનાર કંપનીને હપ્તાઓની ચુકવણી માટે ઇસીએસ અથવા એસીએચ /ઇ-એનએસીએચ આદેશો આપશે. આવા આદેશોની રજૂઆતને ઋણ લેનાર દ્વારા કંપનીને આવા આદેશો રજૂ કરવા માટે આપવામાં આવેલ બિનશરતી અને અટલ સત્તા માનવામાં આવશે, જેથી તેઓ તેમને તેમની સંબંધિત તારીખે રજૂ કરી શકે અને ઋણ લેનાર ખાતરી આપે છે કે ઇસીએસ/એસીએચ /ઇ-એનએસીએચ આદેશોનું રજૂઆત સમયે પાલન કરવામાં આવશે. કોઈપણ કારણોસર એસીએચ /ઇ-એનએસીએચ અથવા ઇસીએસ આદેશ(શો) ની રજૂઆત ન થવાથી, આ ધિરાણ કરાર હેઠળ બાકી અને ચૂકવવાપાત્ર બની શકે તેવા હપ્તાઓ અથવા અન્ય કોઈપણ રકમ ચૂકવવા માટે ઋણ લેનારની જવાબદારીને અસર થશે નહીં.

c. જો અનુચ્છેદ 8(a) અનુસાર ઋણ લેનાર દ્વારા આપવામાં આવેલ કોઈપણ એક અથવા એક કરતાં વધુ અથવા તમામ ઇસીએસ /એસીએચ /ઇ-એનએસીએચ આદેશ

i. કંપનીના કબજામાં હોય ત્યારે ખોવાઈ જાય, નાશ પામે અથવા આમતેમ મુકાય જાય અથવા ii. સહી કરનાર અથવા કોઈપણ અથવા વધુ સહીકર્તાઓ (જો એક કરતાં વધુ હોય) નામૃત્યુ, નાદારી, પાગલપણા, અધિકારના અંત અથવા અન્યથા અથવા દેવાળામોરતોરિઉમ અથવા ડ્રોઈ બેંકની કોઈપણ દેવામોફ્રીને કારણે રોકડમાં ન આવે, તો આવી ઘટનામાં, ઋણ લેનાર, કંપની તરફથી આવા નુકસાન, નાશ અથવા આમતેમ મુકાય જવાની (જે કિસ્સો હોય તે મુજબ)) ની સૂચના પ્રાપ્ત થતાં અથવા ઉપરોક્ત કારણોસર રોકડમાં ન આવે તેવા કોઈપણ ચેક પર તાત્કાલિક, કંપનીને ખોવાઈ ગયેલા, નાશ પામેલા, આમતેમ ગયેલા અથવા રોકડમાં ન આવે તેવા ચેકને બદલવા માટે પૂરતી સંખ્યામાં ચેક પહોંચાડશે, અથવા ધિરાણની ચુકવણી માટે કંપની દ્વારા સ્વીકાર્ય અને મંજૂર કરાયેલ યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરશે.

d. ઋણ લેનાર સંમત થાય છે અને સમજે છે કે કોઈપણ કારણોસર કંપની દ્વારા કોઈપણ ચેક/આદેશ રજૂ ન કરવાથી આ ધિરાણ કરાર હેઠળ ચૂકવવાપાત્ર રકમ ચૂકવવાની ઋણ લેનારની જવાબદારી પર કોઈ અસર થશે નહીં. કંપની, કોઈપણ રીતે, કોઈપણ કારણોસર કોઈપણ ચેક/આદેશ (જે આ શરતો મુજબ ઋણ લેનાર દ્વારા કંપનીને પહેલાથી જ આપવામાં આવ્યા છે અથવા આપવામાં આવનાર છે) ના રોકડીકરણમાં વિલંબ, ચૂક અથવા ઉપેક્ષા, નુકસાન અથવા ખોટ માટે જવાબદાર રહેશે નહીં.

e. જો જરૂરી હશે તો, કંપનીની પરવાનગીને આધીન, ઋણ લેનાર એક બેંકમાં જારી કરાયેલા અને દોરવામાં આવેલ ચેક/મેન્ડેટને બીજી બેંકની બેંકમાં બદલી/અદલબદલ દરેક બદલાવ માટે પરીશીષ્ટમાં ઉલ્લેખિત રકમના સ્વેપ ચાર્જ કંપનીને ચૂકવીને કરી શકે છે.

f. આ ધિરાણ કરાર હેઠળ અને/અથવા પ્રચલિત કાયદા હેઠળ કંપની પાસે રહેલા અન્ય કોઈપણ અધિકારો અથવા ઉકેલોને બાધ આવ્યા વિના, ઋણ લેનાર દરેક ચેક રજુ કરવા પર અનાદર માટે પરીશીષ્ટમાં ઉલ્લેખિત દરે ચેક/મેન્ડેટ અનાદર ચાર્જ ચૂકવવા માટે જવાબદાર રહેશે. અનાદર પર ચાર્જ લાદવા, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ 2007 અથવા અન્ય કોઈપણ લાગુ

કાયદા, જે સમયાંતરે સુધારેલા અને અમલમાં હોય અને અન્ય સંબંધિત કાયદાઓ હેઠળ હોય કંપનીના હકોને કોઈ બાધ આવ્યા સિવાય છે,.

g. જ્યાં બહારના સ્થળ ચેક દ્વારા ચૂકવણી કરવામાં આવે છે, ત્યાં ઋણ લેનાર સમયાંતરે કંપનીના વિવેકબુદ્ધિથી સુધારાને આધીન, પરીશીષ્ટમાં જણાવ્યા મુજબ ચેક એકત્રીકરણ ચાર્જ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

h. પરીશીષ્ટમાં ઉલ્લેખિત શુલ્ક કંપનીના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી બદલાઈ શકે છે.

i. જ્યાં સુધી ધિરાણ અથવા તેના દેવાનો કોઈપણ ભાગ બાકી અને ચૂકવવાપાત્ર હોય ત્યાં સુધી ઋણ લેનાર ઇસીએસ અથવા એસીએચ /ઇ-એનએસીએચ આદેશોના સંદર્ભમાં ચુકવણી બંધ કરવાની સૂચનાઓ રદ કરવા અથવા જારી કરવા માટે હકદાર રહેશે નહીં અને આવા કોઈપણ કૃત્યો નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881/પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ 2007 અથવા સમયાંતરે સુધારેલા અને અમલમાં આવતા કોઈપણ અન્ય લાગુ કાયદા હેઠળ છેતરપિંડી અને કાર્યવાહી ટાળવાના ઇરાદાથી કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે અને કંપની ઋણ લેનાર સામે યોગ્ય ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટે હકદાર રહેશે.

j. ઋણ લેનાર સમજે છે, પુષ્ટિ આપે છે અને સંમત થાય છે કે કંપની, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, અનેક પ્રસંગોએ અને જુદી જુદી તારીખે, ઋણ લેનારના બેંક ખાતામાં, ઇસીએસ / એસીએચ અથવા ઇ-એનએસીએચ મેન્ડેટ અથવા કોઈપણ અન્ય ઇલેક્ટ્રોનિક અથવા અન્ય ક્લિયરિંગ મેન્ડેટ (કંપનીની તરફેણમાં ઋણ લેનાર દ્વારા આપવામાં આવે છે જે તમામ બાકી લેણાંને આવરી લે છે) રજૂ કરશે જે ચૂકવવામાં ન આવે ત્યાં સુધી, ઋણ લેનાર પાસેથી બાકી લેણાં વસૂલવા માટે અને સમગ્ર બાકી લેણાંની વસૂલાત સુધી રજૂ કરશે. ઋણ લેનાર સંમત થાય છે અને બાંયધરી આપે છે કે ઋણ લેનાર કંપની દ્વારા આવી રજૂઆતોનો વિવાદ, ફરિયાદ અથવા વાંધો ઉઠાવશે નહીં.

**9. હપ્તાઓમાં ફેરફાર અને પુનઃનિર્ધારણ:**

a. કંપની પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ જવાબદારી વિના, યોગ્ય લાગે તેવા નિયમો અને શરતો પર વધુ સમયગાળા માટે ધિરાણની સમીક્ષા કરવાનો અધિકાર જાળવી રાખે છે.

b. કંપની પોતાની જાતે અથવા ઋણ લેનારની વિનંતી પર, જો તે યોગ્ય લાગે, તો ઋણ લેનારની ઔપચારિક સંમતિથી, હપ્તાઓમાં ફેરફાર અથવા પુનઃનિર્ધારણ કરી શકે છે, જેના પછી ઋણ લેનાર દ્વારા ઉપરોક્ત ફેરફાર અને પુનઃનિર્ધારણ મુજબ ચુકવણી કરવામાં આવશે, પછી ભલે તે પરીશીષ્ટમાં કંઈપણ જણાવેલ હોય. ઋણ લેનાર સુધારેલા માળખા મુજબ ઇસીએસ અથવા એસીએચ /ઇ-એનએસીએચ આદેશો રજૂ કરવા સહિત, સુધારાની જરૂરિયાતોનું પાલન કરશે.

c. ઋણ લેનારના સંતોષકારક ધિરાણ ચુકવણી ટ્રેક રેકોર્ડના આધારે, કંપની તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અહીં આપેલી ધિરાણ ઉપરાંત વધારાનું ધિરાણ આપી શકે છે. કંપની દ્વારા સમયાંતરે પ્રવર્તમાન શાખ ધોરણો અનુસાર નિર્ધારિત દસ્તાવેજોના અમલ પર જ વધારાનું ધિરાણ મંજૂર થઇ શકે છે. આ કલમના આધારે ઋણ લેનારને વધારાના ધિરાણનો દાવો કરવાનો કોઈ અધિકાર રહેશે નહીં.

**10. ચૂકની ઘટનાઓ:**

નીચેની ઘટનાઓ "ચૂકની ઘટના" ગણાશે: -

a. ઋણ લેનાર અને/અથવા જામીનદાર કંપની દ્વારા માંગવામાં આવે કે ન આવે, ધિરાણ અથવા કોઈપણ હપ્તા, ફી, ચાર્જ, અથવા ખર્ચ અથવા કંપનીને બાકી રહેલી કોઈપણ અન્ય રકમની ચુકવણી કરવામાં, જવાબદારીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય; અથવા

b. જો કંપનીના મતે, ઋણ લેનાર વ્યક્તિએ ધિરાણ સંબંધિત કોઈપણ મહત્વપૂર્ણ માહિતી છુપાવી હોય; અથવા

c. નાદારી, બંધ થવું, સ્વૈચ્છિક અથવા અન્યથા, વ્યવસાયમાં નિષ્ફળતા, નાદારીનું કૃત્ય, ઋણ લેનાર/જામીનદારના લેણદારોના લાભ માટે સામાન્ય સોંપણી, અથવા જો ઋણ લેનાર/જામીનદાર કોઈપણ લેણદારોને ચુકવણી સ્થગિત કરે છે અથવા આમ કરવાની ધમકી આપે છે, તો તેની સંપત્તિ પર નાદારી વ્યાવસાયિક, રીસીવર/ટ્રસ્ટી અથવા સમાન અધિકારીની નિમણૂક, ઋણ લેનાર/જામીનદાર દ્વારા અથવા વિરુદ્ધ નાદારીમાં કોઈપણ અરજીની સ્વીકૃતિ અથવા ઋણ લેનાર/જામીનદારને બંધ કરવા માટેની કોઈપણ અરજીની સ્વીકૃતિ અને સ્વીકાર્યાના 30 દિવસની અંદર પાછી ખેંચી લેવામાં ન આવે; અથવા

d. જો ઋણ લેનાર/જામીનદાર (કંપની હોય તો) કંપનીની પૂર્વ લેખિત મંજૂરી સિવાય, જોડાણ અથવા પુનર્નિર્માણના હેતુ માટે ફડચામાં જાય છે; અથવા

e. જો ઋણ લેનાર/જામીનદાર પોતાનો વ્યવસાય બંધ કરે અથવા બંધ કરવાની ધમકી આપે; અથવા

f. જો કંપની દ્વારા નિયુક્ત હિશાબનીશ અથવા હિશાબનીશની પેઢી (જે કંપનીને કોઈપણ સમયે આમ કરવા માટે હકદાર છે અને આથી અધિકૃત છે) દ્વારા પ્રમાણિત કરવામાં આવે કે ઋણ લેનારની જવાબદારીઓ ઋણ લેનારની સંપત્તિ કરતાં વધી જાય છે અથવા ઋણ લેનાર ખોટમાં વ્યવસાય ચલાવી રહેલ છે; અથવા

g. આ શરતો અને નિયમો હેઠળ ઋણ લેનાર દ્વારા કંપનીને આપવામાં આવેલ અથવા પહોંચાડવામાં આવનાર કોઈપણ એસીએચ /ઇ-એનએસીએચ અથવા ઇસીએસ આદેશો પ્રસ્તુતિ પર કોઈપણ કારણોસર માન્ય / રોકડ કરવામાં આવતા નથી; અથવા

h. જો કોઈપણ કારણોસર કોઈપણ આદેશની ચુકવણી રોકવા માટે ઋણ લેનાર દ્વારા આપવામાં આવેલી કોઈપણ સૂચના અથવા કંપનીને ઋણ લેનાર દ્વારા જારી કરાયેલ કોઈપણ આદેશનો અનાદર કરવામાં આવે છે; અથવા

i. અહીં સમાવિષ્ટ કોઈપણ શરતો, કરારો અને શરતોનો ભંગ કરનાર ઋણ લેનાર/જામીનદાર અથવા આપેલી કોઈપણ માહિતી અથવા જો આ ધિરાણ કરાર હેઠળ રજૂ કરાયેલ કોઈપણ રજૂઆતો અથવા રજુ કરાયેલ કોઈપણ અન્ય દસ્તાવેજ ખોટા, અચોક્કસ અથવા ગેરમાર્ગે દોરનારા હોવાનું જણાય છે; અથવા

j. ઋણ લેનારના મૃત્યુ/પાગલપણા અથવા અન્ય કોઈપણ કાનૂની અસમર્થતા પર અથવા

k. કંપનીની પૂર્વ લેખિત સંમતિ વિના ઋણ લેનારના બંધારણ અથવા સંચાલનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થાય અથવા ઋણ લેનારનું પુનર્ગઠન થાય અથવા ઋણ લેનારના સંચાલન દ્વારા કંપનીનો વિશ્વાસ ગુમાવવા પર; અથવા

l. ઋણ લેનાર/જામીનદાર કોઈપણ અન્ય ધિરાણ/સુવિધા/અન્ય કોઈપણ વ્યક્તિ સાથેના કોઈપણ કરારનો ભંગ કરે છે; અથવા

m. કંપની સાથેના કોઈપણ અન્ય કરાર હેઠળ, જેમાં ઋણ લેનાર/જામીનદાર કાં તો ઋણ લેનાર/જામીનદાર હોય, ઋણ લેનાર/જામીનદાર કોઈપણ ચૂક કરે છે; અથવા

n. જો આ ધિરાણ કરાર અથવા અન્ય કોઈ સંબંધિત દસ્તાવેજ હેઠળ ઋણ લેનાર માટે તેની કોઈપણ જવાબદારીઓનું પાલન કરવું ગેરકાયદેસર બને અથવા જામીનદાર અથવા અન્ય કોઈ વ્યક્તિ (ઋણ લેનાર સહિત) માટે આ ધિરાણ કરાર હેઠળ તેની કોઈપણ જવાબદારીઓનું પાલન કરવું ગેરકાયદેસર બને; અથવા

o. ઋણ લેનાર/જામીનદાર આ ધિરાણ કરાર અથવા અન્ય કોઈપણ સંબંધિત દસ્તાવેજનો ઇનકાર કરે છે અથવા તેનો ઇનકાર કરવાનો ઇરાદો દર્શાવે છે; અથવા

p. જો ધિરાણ અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ ઋણ લેનાર દ્વારા જે હેતુ માટે અરજી કરવામાં આવેલ હોય અને કંપની દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય તે સિવાયના કોઈપણ હેતુ માટે કરવામાં આવે છે; અથવા

q. કોઈપણ ઘટના અથવા ઘટનાઓની શ્રેણી બને છે જે કંપનીના મતે, ઋણ લેનારની ચુકવણી ક્ષમતા પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર કરે તેવી વાજબી શક્યતા છે; અથવા

r. ઋણ લેનાર/જામીનદારનો દરજ્જો નિવાસીથી બિન-નિવાસી થાય છે; અથવા

s. જો ઋણ લેનાર/જામીનદાર સામે અથવા તેના પર કોઈપણ જપ્તી, ઉપદ્રવ, અમલ અથવા અન્ય પ્રક્રિયા લાગુ કરવામાં આવે લાદવામાં આવે; અથવા

t. જો ઋણ લેનાર અથવા જામીનદારને કોઈપણ કોર્ટ અથવા સરકારી સત્તાવાળાઓ દ્વારા કોઈપણ ગુના માટે દોષિત ઠેરવવામાં આવે અથવા સજા કરવામાં આવે; અથવા

u. જો ઋણ લેનાર/જામીનદાર કંપની અથવા તેના સહયોગીઓ સાથે કરવામાં આવેલા આ અથવા અન્ય કોઈપણ કરાર હેઠળની કોઈપણ શરતો પર વિવાદ કરે છે; અથવા

v. જો કોઈ ચૂકની ઘટના બને અથવા કોઈ પણ ઘટના જે ચૂકની ઘટના બનવા તરીકે ગણી શકાય તે બને, તો ઋણ લેનારે કંપનીને 3 (ત્રણ) દિવસની અંદર લેખિતમાં નોટિસ આપશે જેમાં આવી ચૂકની ઘટનાનો ઉલ્લેખ કરશે. જો અને જ્યારે કંપની અધિનિયમ, 2013 અથવા અન્ય કોઈપણ કાયદાની જોગવાઈઓ હેઠળ ઋણ લેનાર/જામીનદાર વિરુદ્ધ વ્યવસાય સમેટવા અંગે કોઈપણ દાવો અથવા કાનૂની પ્રક્રિયા દાખલ/શરૂ કરવા અપેક્ષિત હોવ અંગે કોઈ કાનૂની સૂચના (નોટિસ) ઋણ લેનાર/જામીનદારને પ્રાપ્ત થાય, તો પણ ઋણ લેનાર/જામીનદાર આવી નોટિસ મળ્યાના 3 (ત્રણ) દિવસની અંદર કંપનીને તાત્કાલિક જાણ કરશે; અથવા

w. જો ઋણ લેનાર કંપની હોય તો તે તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં એવી વ્યક્તિને સામેલ કરશે નહીં જેનું નામ ઇરાદાપૂર્વક ચૂક કરનારની યાદીમાં હોય અને જો આવી વ્યક્તિ તેના બોર્ડમાં હોવાનું જાણવા મળે, તો તે વ્યક્તિને તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી દૂર કરવા માટે ઝડપી અને અસરકારક પગલાં લેશે; અથવા વ્યવસાયમાં ફેરફાર કરશે, અથવા કોઈપણ નવા વ્યવસાય અથવા વ્યવસાયની શ્રેણીમાં પ્રવેશ કરશે અથવા સંચાલનમાં કોઈપણ મહત્વપૂર્ણ ફેરફાર કરશે; અથવા

x. ઉપરોક્ત કોઈપણ ઘટના/સંજોગો બન્યા છે કે કેમ તે પ્રશ્ન પર, કંપનીનો નિર્ણય અંતિમ, નિર્ણાયક અને ઋણ લેનાર/જામીનદાર માટે બંધનકર્તા રહેશે.

y. જામીનદાર /ગેંટર દ્વારા આપવામાં આવેલ બાયંધરીમાં કોઈપણ ખામી/ક્ષતિ બાયંધરીને બિનઅસરકારક/નિષ્ક્રિય બનાવે છે.

**11. સમાપ્તિ અને કંપનીના અન્ય અધિકારો:**

(a)

1. નોટિસ: ઉપરોક્ત કોઈપણ ચૂકની ઘટનામાં, ચુકવણીમાં ચૂક સહિત, કંપની ઋણ લેનાર/જામીનદારને કંપનીમાં નોંધાયેલા તેમના સરનામે 7 દિવસની નોટિસ જારી કરશે અને ધિરાણ સુવિધા હેઠળ ચૂકવવાપાત્ર સંપૂર્ણ રકમ ચૂકવીને ધિરાણની સંપૂર્ણ પતાવટની માંગ કરશે. નોટિસ પોસ્ટ કર્યાની તારીખ પછીના બીજા કામકાજના દિવસે અથવા પ્રાપ્તિની વાસ્તવિક તારીખ, જે પણ પહેલાં હોય તે દિવસે ઋણ લેનાર/જામીનદારને બજાવવામાં આવી હોવાનું માનવામાં આવશે, ભલે ગમે તે કારણોસર બજાવવામાં આવેલી નોટિસનો અમલ ન થાય અને કંપનીના કોઈપણ અધિકૃત અધિકારી દ્વારા નોટિસ પોસ્ટ કર્યાની પુષ્ટિ આ સંદર્ભમાં અંતિમ અને બંધનકર્તા રહેશે.

2. નોટિસ પાછી ખેંચવી: આ ધિરાણ કરારમાં કાંઇ પણ વિપરીત હોય તેમ છતાં, ઉપરોક્ત ઉલ્લેખિત નોટિસો કંપનીની વિવેકબુદ્ધિથી, કલમ 10 (c), (d), (j), (k), (n), (r), (s) અને (t) માં ઉલ્લેખિત કોઈપણ ચૂકની ઘટનાઓના ઘટનાક્રમ પર પાછી ખેંચી શકવામાં આવી શકે છે.

(b) સમાપ્તિ:

કંપની દ્વારા ધિરાણ કરાર સમાપ્ત કરવા પર:

1. ઋણ લેનાર અને જામીનદારને બાકી રહેલી રકમ, જે તાત્કાલિક ચૂકવવાપાત્ર હશે, અને બાકી રકમ પહેલાથી જ બાકી હોય, હપ્તા દ્વારા, દંડનીય ચાર્જ દ્વારા અથવા અન્ય કોઈપણ ખાતા દ્વારા ચુકવણીનો લાભ મળશે નહીં.

2. ઋણ લેનાર મેન્ડેટ ડિસઓનર ચાર્જ, સમાપ્તિની તારીખથી સંપૂર્ણ ચુકવણીની પ્રાપ્તિ સુધી ગણતરી કરાયેલ પરીશીષ્ટમાં ઉલ્લેખિત દરે દંડનીય ચાર્જ અને અન્ય કોઈપણ ચાર્જ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

3. ધિરાણ પડતર હોય તે દરમિયાન, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 ની કલમ 138 અને પેમેન્ટ ઓફ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ, 2007 ની કલમ 25 હેઠળની મર્યાદા સહિત, લાગુ કાયદા હેઠળ કંપનીને ઉપલબ્ધ હોય તેવા અન્ય અધિકારો અને ઉપાયોનો ઉપયોગ.

(c) કંપનીના અન્ય અધિકારો:

1. બાકી રકમની વસૂલાત માટે કોઈપણ કાનૂની કાર્યવાહી શરૂ કરવાના કંપનીના અધિકારોને બાધ આવ્ય વિના, ઋણ લેનાર અને જામીનદાર સ્પષ્ટપણે સ્વીકારે છે કે કંપની યોગ્ય લાગે તે રીતે તૃતીય પક્ષોની નિમણૂક કરવા હકદાર રહેશે અને આવા તૃતીય

પક્ષો, ઋણ લેનારની કોઈપણ પૂર્વ સંમતિ વિના, આ ધિરાણ કરાર હેઠળ તેના તમામ અથવા કોઈપણ કાર્યો, અધિકારો અને સત્તાઓનો ઉપયોગ કરી શકે છે, જેમાં ઋણ લેનાર દ્વારા બાકી રકમ વસૂલવાની સત્તાનો સમાવેશ થાય છે.

2. આ ધિરાણ કરારમાં અન્યત્ર કંઈપણ જણાવવામાં આવ્યું હોય તેમ છતાં, આવી સમાપ્તિ પછી ધિરાણ ચાલુ રાખવાનો અધિકાર કંપનીની એકમાત્ર અને સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર રહેશે અને ઋણ લેનારની બાકી રકમ કંપની દ્વારા સંબંધિત સમયે નક્કી કરવામાં આવશે તે મુજબ કંપનીને ચૂકવવાપાત્ર રહેશે. કંપની, કોઈપણ સમયે, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને કોઈપણ કારણ આપ્યા વિના, ઋણ લેનારને ઋણ લેનારના બાકી લેણાં ચૂકવવા માટે કહી શકે છે અને ત્યારબાદ ઋણ લેનાર, માંગણી કરવામાં આવતા તરત જ, કોઈપણ વિલંબ વિના કંપનીને ઋણ લેનારના બાકી લેણાંની સંપૂર્ણ રકમ ચૂકવી દેશે. ઋણ લેનાર દ્વારા ચૂકવવાપાત્ર હોવાનું જણાવેલ બાકી રકમ અંતિમ રહેશે અને ઋણ લેનાર પર બંધનકર્તા રહેશે.

3. જો ધિરાણ અને/અથવા અન્ય નાણાકીય વ્યવહારોના સંદર્ભમાં કોઈ શંકા, ગેરરીતિ અથવા છેતરપિંડીની પ્રવૃત્તિનો સંકેત મળે, તો કંપની તેના કર્મચારીઓ, એજન્ટ(ટો) અને/અથવા કંપનીની પસંદગીના બાહ્ય ઓડિટર(રો)/એકાઉન્ટન્ટ(ટો) દ્વારા બાહ્ય ઓડિટ કરવા માટે ઋણ લેનારના ખર્ચે અને કિમતે પોતાની રીતે ઓડિટ કરવા માટે હકદાર રહેશે. ઋણ લેનાર કંપનીના કર્મચારીઓ, એજન્ટો, એકાઉન્ટન્ટ/ઓડિટરને તેના કાર્યાલય/પરિસર અને તેમના તમામ રેકોર્ડમાં પ્રવેશ આપશે અને ઉક્ત ઓડિટના હેતુ માટે તેમને જરૂરી કોઈપણ માહિતી/રેકોર્ડ પૂરા પાડશે. કંપની દ્વારા તેના કર્મચારીઓ, એજન્ટો અને/અથવા બાહ્ય ઓડિટર/એકાઉન્ટન્ટ પાસેથી પ્રાપ્ત થયેલા ઓડિટ રિપોર્ટ(રિપોર્ટ્સ)ના આધારે અથવા કંપની પાસે ઉપલબ્ધ સંબંધિત સામગ્રી/રેકોર્ડ્સના આધારે અને જો રજુ કરાયેલ ઓડિટ રિપોર્ટ(રિપોર્ટ્સ) અનિર્ણિત રહે અથવા ઋણ લેનાર દ્વારા અસહકારને કારણે વિલંબિત થાય, તો કંપની ધિરાણ ખાતાની સ્થિતિને છેતરપિંડી અથવા અન્યથા તરીકે નિષ્કર્ષ પર આવશે. ધિરાણ ખાતાની સ્થિતિને છેતરપિંડી તરીકે અથવા અન્યથા નિષ્કર્ષ પર લાવવા માટે કંપની આરબીઆઇ ની હાલની માર્ગદર્શિકાનું પાલન કરશે.

4. જો ઋણ લેનાર એક કરતાં વધુ ધિરાણ ખાતા ધરાવતો હોય અથવા ઋણ લેનારની જુથ કંપની(ઓ) કંપનીમાં ધિરાણ ખાતા ધરાવતો હોય, તો જો ઋણ લેનારનું એક ધિરાણ ખાતું કંપની દ્વારા છેતરપિંડી તરીકે ઓળખાય છે, તો કંપની ઋણ લેનાર/તેની જુથ કંપની(ઓ) ના અન્ય ખાતાઓના સંદર્ભમાં ઉપરોક્ત ઓડિટની તપાસ/આયોજન કરવા માટે હકદાર રહેશે જેમાં ઋણ લેનારના એક અથવા વધુ પ્રાયોજક(કો) / પૂર્ણ-સમય નિર્દેશક(કો) સામાન્ય (કોમન) હોય.

5. કંપનીને ઋણ લેનાર/તેની જૂથ કંપનીઓના ધિરાણ ખાતાઓમાં છેતરપિંડીની ઘટનાઓની જાણ પોલીસ, અન્ય સંબંધિત સત્તાવાળાઓ અને/અથવા આરબીઆઇ જેવી યોગ્ય કાયદા અમલીકરણ એજન્સી(ઓ) ને કરવાનો પણ અધિકાર રહેશે.

**12. વિનિયોજન:**

(a) કંપનીને આ ધિરાણ કરાર હેઠળ ઋણ લેનાર દ્વારા બાકી રકમ માટે કરવામાં આવતી કોઈપણ ચુકવણી, કંપની યોગ્ય માને તે કોઈપણ ક્રમમાં, નીચેના માટે વિનિયોજન કરવાનો અધિકાર રહેશે:

1. બાકી મુદ્દલ રકમની ચુકવણી.

2. વ્યાજ

3. દંડનીય ચાર્જિસ, જો કોઈ હોય તો.

4. કિમતો, ચાર્જ, ખર્ચાઓ અને અન્ય નાણાં પર વ્યાજ.

5. કિમતો, ચાર્જ, ખર્ચાઓ અને અન્ય નાણાં.

અહીં પક્ષકારો વચ્ચે સ્પષ્ટ સંમતિ થાય છે કે જો ઋણ લેનાર/જામીનદાર, આ ધિરાણ કરાર ઉપરાંત, કંપની સાથે તેના/તેમના નામે અથવા તેના/તેમના નોમિની અથવા પ્રતિનિધિઓના નામે, ઋણ લેનાર/ભાડે રાખનાર/ભાડે લેનાર અથવા જામીનદાર તરીકે, કોઈપણ અન્ય ધિરાણ અથવા અન્ય કરારો પહેલાથી જ કરેલ હોય અથવા ભવિષ્યમાં કરે, તો:

(b) આ ધિરાણ કરાર હેઠળ જે તે કિસ્સામાં ઋણ લેનાર/જામીનદાર અથવા તેમના/તેમના નોમિની, પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ કોઈપણ ચુકવણીને ફક્ત "ઓન એકાઉન્ટ ચુકવણી" તરીકે ગણવામાં આવશે અને કંપની દ્વારા ઋણ લેનાર, તેમના/તેમના નોમિની અથવા પ્રતિનિધિઓ દ્વારા, વિપરીત કોઈપણ ચોક્કસ સૂચનાઓને ધ્યાનમાં લીધા વિના, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, તેમના કાર્યકાળ દરમિયાન કે ત્યાર બાદ, કંપની સાથે કરવામાં આવેલ કોઈપણ કરારના ખાતામાં કંપનીને યોગ્ય લાગે તે રીતે વિનિયોજીત કરવામાં આવશે.

**13. ઋણ લેનાર અને જામીનદારના કરારો અને રજૂઆતો:**

ઋણ લેનાર અને જામીનદાર આથી કંપનીને નીચેની બાબતોની પુષ્ટિ કરે છે, બાંયધરી આપે છે અને જાહેર કરે છે

a. કે ઋણ લેનાર અને જામીનદાર ભારતીય નાગરિક છે જે સામાન્ય રીતે ભારતમાં રહે છે અને આ ધિરાણની મુદત દરમિયાન તેમ રહેવાનુ ચાલુ રાખશે.

b. આ ધિરાણ કરાર કરવા અને તેનો અમલ કરવા માટે ઋણ લેનાર/જામીનદાર પાસે પૂરતી કાનૂની ક્ષમતા છે. આ ધિરાણ કરારમાં પૂરી પાડવામાં આવેલ રીતે જવાબદારીઓનો અમલ કરવા અને નિભાવવાથી ઋણ લેનાર/જામીનદારને કોઈપણ કાયદા, કાનૂન, ચુકાદો, હુકમનામું, આદેશ, કરાર અથવા અન્યથા કોઈપણ રીતે પ્રતિબંધિત કે અટકાવવામાં આવેલ નથી. અમલીકરણ પછી, આ ધિરાણ કરાર ઋણ લેનાર/જામીનદારની માન્ય અને કાયદેસર રીતે બંધનકર્તા પ્રતિબદ્ધતા હશે જે આ ધિરાણ કરારની શરતોમાં તેમની સામે લાગુ કરવામાં આવી શકે છે. ઋણ લેનાર/જામીનદાર (જો તે કંપની/ભાગીદારી/અન્ય સંસ્થા કોર્પોરેટ હોય તો) ભારતના કાયદા હેઠળ યોગ્ય રીતે સંગઠિત અને અસ્તિત્વમાં છે અને તેમની પાસે આ ધિરાણ કરાર, જેમાં તે એક પક્ષકાર છે, કરવાની યોગ્ય સત્તા અને અધિકાર છે અને તેમના પ્રતિનિધિઓ પણ યોગ્ય રીતે અધિકૃત છે.

c. આ ધિરાણ કરારનો અમલ કોઈપણ કાયદા/બંધારણીય દસ્તાવેજો સાથે અથવા ઋણ લેનાર/જામીનદાર પર બંધનકર્તા હોય તેવા કોઈપણ અન્ય દસ્તાવેજ સાથે વિરોધાભાસી નથી.

d. આ ધિરાણ કરારના સંબંધમાં જરૂરી તમામ અધિકૃતતાઓ, મંજૂરીઓ, સંમતિઓ, પરવાના અને પરવાનગીઓને સંપૂર્ણ અમલ કરવા અને અસર આપવા માટે જરૂરી તમામ ઋણ લેનાર/જામીનદાર દ્વારા મેળવવામા અને કરવામા આવેલ છે.

e. કંપની દ્વારા અથવા કંપનીના કોઈપણ અન્ય અધિકૃત પ્રતિનિધિ દ્વારા મોકલવામાં આવેલા તમામ એકાઉન્ટ્સ સ્ટેટમેન્ટ ઋણ લેનાર અને જામીનદાર દ્વારા સ્વીકાર્ય છે તે ઋણ લેનાર પાસેથી બાકી રકમનો દાવો કરવામાં આવેલ કોઈપણ રકમની શુદ્ધતાનો નિર્ણાયક પુરાવો હશે.

f. કોઈપણ પત્રવ્યવહાર ઋણ લેનાર/જામીનદાર દ્વારા આપવામાં આવેલા સરનામે કરવામાં આવશે, અને તે મોકલવાની તારીખથી 2 દિવસની અંદર સરનામાંધારકને બજાવવામાં આવ્યો હોવાનું માનવામાં આવશે અને ઋણ લેનાર અને જામીનદારના સરનામાંમાં કોઈપણ ફેરફારના કિસ્સામાં, તેઓ તરત જ કંપનીને તેની જાણ કરશે, જેમાં નિષ્ફળ ગયેથી તેમના દ્વારા છેલ્લે આપવામાં આવેલા સરનામાં પર નોટિસ અથવા પત્રવ્યવહારની કોઇ સેવા તેમને બજાવવામાં આવી હોવાનું માનવામાં આવશે.

g. કંપની ધિરાણ કરાર હેઠળ કંપનીના અધિકારો અને જવાબદારીઓ કંપનીની પસંદગીના કોઈપણ વ્યક્તિ(ઓ)ને સંપૂર્ણ અથવા આંશિક રીતે અને એવી રીતે અને અથવા એવી શરતોમાં વેચવા, સોંપવા અથવા તબદીલ કરવા માટે હકદાર રહેશે જે કંપની ઋણ લેનાર/જામીનદારને કોઈપણ સૂચના આપ્યા વિના નક્કી કરી શકે અને આવા કોઈપણ વેચાણ, સોંપણી અથવા તબદીલી ઋણ લેનાર/જામીનદારને બંધનકર્તા રહેશે અને તેઓ આ ધિરાણ કરારના લાભ અથવા જવાબદારીને સીધી કે આડકતરી રીતે સોંપવા માટે હકદાર રહેશે નહીં.

h. ઋણ લેનારનું પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિ તરફથી ઋણ લેવાની સત્તાઓનો અભાવ અથવા નબળાઈ અથવા તેના ઉપયોગમાં કોઈપણ અનિયમિતતા, આવા અભાવ, નબળાઈ અથવા અનિયમિતતા હોવા છતાં, આ ધિરાણ કરાર હેઠળ ઋણ લેનાર અને જામીનદાર સામે કંપનીના અધિકારોને અસર કરશે નહીં.

i. ઋણ લેનાર/જામીનદારે તેમના દ્વારા ચૂકવવાપાત્ર તમામ કર અને કાનૂની બાકી રકમ ચૂકવી દીધી હોય અને તેમને કોઈપણ વ્યક્તિ અથવા સત્તાધિકારી તરફથી કોઈ માંગ, દાવો અથવા સૂચના મળી ન હોય. વધુમાં, ઋણ લેનાર વ્યવહારના સંદર્ભમાં તમામ કર, આકારણી, દર, લાગત, ચાર્જ અને અન્ય કર, ખર્ચ અને જવાબદારીઓ, વર્તમાન તેમજ ભવિષ્યમાં, ભોગવશે અને ચૂકવશે. વધુમાં, સરકાર દ્વારા અથવા આ હેઠળના વ્યવહાર દ્વારા હપ્તાઓ પર લાદાવામા આવતા હોય અથવા લાદવામા આવી શકે અથવા આ ધિરાણ કરાર કરવાના કારણે કંપની દ્વારા ચૂકવવાપાત્ર હોય તેમાં અથવા બની શકે તેવા કોઈપણ દર, શુલ્ક, લાદેલ કર, અને/અથવા નાણાં દ્વારા હપ્તાઓ આપમેળે વધી જશે.

j. ખાતરી આપે છે કે ઋણ લેનાર/જામીનદાર સામે કોઈપણ પ્રકારના મુકદમા, કાર્યવાહી અથવા દાવા (દીવાની કે ફોજદારી કે અન્યથા) પડતર નથી અથવા દાખલ થવાની અથવા લેવાની શક્યતા નથી.

k. ખાતરી આપે છે કે કરવેરા સંબંધિત કોઈપણ કાયદા અથવા અન્ય કોઈપણ બાબતના સંદર્ભમાં ઋણ લેનાર/જામીનદારના અધિકારો અથવા સ્થિતિ સંબંધિત કોઈપણ દાવા પ્રત્યે કંપની જવાબદાર રહેશે નહીં.

l. લોનની સંપૂર્ણ રકમનો ઉપયોગ માત્ર લોન અરજી અને નીચે આપેલ શેડ્યૂલમાં ઉલ્લેખિત હેતુ માટે જ કરવો અને તેને ગેરકાયદેસર/વિરોધી સામાજિક પ્રવૃત્તિઓ અને સટ્ટાબાજી હેતુઓ માટે, જેમાં મૂડીબજારમાં રોકાણ (સ્ટોક્સ, બોન્ડ્સ અને અન્ય નાણાકીય સિક્યોરિટીઝ) અથવા રિયલ એસ્ટેટ અથવા સોનાની કોઈપણ સ્વરૂપમાં ખરીદી (પ્રાથમિક સોનું, સોનાના બુલિયન, સોનાના આભૂષણ/સિક્કા, કિંમતી પથ્થરો/ધાતુઓ, એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETF)ના યુનિટ્સ અને ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડના યુનિટ્સ)નો સમાવેશ થાય છે, માટે ઉપયોગ ન કરવો. કંપનીને તે કરવા માટે બાધ્ય ન હોવા છતાં, કંપનીને લોનના અંતિમ ઉપયોગની દેખરેખ રાખવાનો અધિકાર રહેશે, જેમાં જરૂરી પ્રમાણપત્ર સાથે કોઈપણ ઓડિટર અથવા સલાહકાર દ્વારા, જે કંપની દ્વારા તેના સંપૂર્ણ વિવેકાધિકારે નિયુક્ત કરવામાં આવશે અને તેનો ખર્ચ લોનગ્રાહક દ્વારા ભરવો પડશે.

m. અન્ય બેંકો, નાણાકીય સંસ્થાઓ પાસેથી કોઈપણ રકમ ઉધાર લેતા પહેલા કંપનીની પૂર્વ લેખિત પરવાનગી મેળવશે.

n. કંપનીને ચૂકવવાના બાકી રહેલા પૈસા એકત્રિત કરવા અથવા એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં કંપની દ્વારા કરવામાં આવેલા કોઈપણ ખર્ચ, જેમાં ટપાલ, ટેલિગ્રામ, ટેલેક્સ, રજિસ્ટર્ડ પોસ્ટ્સ, ટેલિફોન કોલ્સ, કાનૂની કાર્યવાહી અને વસૂલાત કરવા માટે નિયુક્ત કરાયેલા પ્રતિનિધિઓના વધારાના ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે, કંપનીને ચૂકવવા માટે જવાબદાર રહેશે.

o. ઋણ લેનાર દ્વારા આપવામાં આવેલી તમામ વિગતો, રજૂઆતો, ઘોષણાઓ અને માહિતી સાચી, ઉચિત, સંપૂર્ણ અને અદ્યતન, માન્ય અને બધી રીતે જિવંત છે અને કોઈપણ માહિતી છુપાવવામાં આવી નથી. જ્યાં જરૂર હોય ત્યાં ઋણ લેનાર જરૂરી અપડેટ પ્રદાન કરશે. ઋણ લેનાર સામે શરૂ કરવામાં આવેલ કોઈપણ મુકદ્દમા, મધ્યસ્થી, વહીવટી અથવા અન્ય કાર્યવાહીની તાત્કાલિક કંપનીને જાણ કરશે.

p. જો ઋણ લેનાર વ્યક્તિ સિવાયનું કોઈ અસ્તિત્વ (એન્ટિટી) હોય તો તે તેના અથવા તેના વ્યવસાય પર બંધનકર્તા તમામ લાગુ કાયદાઓનું પાલન કરશે.

q. જો ઋણ લેનાર કંપની હોય, તો ઋણ લેનાર પાસે આ સુવિધા મેળવવાની સત્તા છે અને કુલ ધિરાણ નિર્ધારિત મર્યાદામાં છે.

r. ઋણ લેનાર કંપની દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા નિયમોનું પાલન કરશે અને તેનાથી બંધાયેલ રહેશે.

s. કંપની પાસે ઋણ લેનાર/જામીનદારનાં તમામ સંબંધિત હિસાબો પર પૂર્વાધિકારનો અધિકાર છે, જેમાં એવા અન્ય હિસાબોનો સમાવેશ થાય છે જે અંગે પાછળથી વ્યવહાર કરવામાં હોય શકે / પાછળથી ઋણ લેનાર /જામીનદાર સાથે સંબંધિત હોવાનું જાણવા મળે (આ સંદર્ભમાં સંબંધિત હિસાબોનો અર્થ એ થશે અને તેમાં એવા બધા હિસાબોનો સમાવેશ થશે જ્યાં ઋણ લેનાર જામીનદાર હોય અને જામીનદાર કંપની પાસેથી મેળવેલી કોઈપણ નાણાકીય સુવિધા હેઠળ ઋણ લેનાર હોય).

t. ઋણ લેનાર/જામીનદાર પુષ્ટિ કરે છે કે તેના/તેમના/તેમના પરિવારના સભ્યો/નજીકના સંબંધીઓ આરબીઆઇની કેવાયસી માર્ગદર્શિકા દ્વારા વ્યાખ્યાયિત રાજકીય રીતે જાહેર વ્યક્તિ નથી. ઉપરોક્ત સ્થિતિમાં કોઈપણ ફેરફાર પર ઋણ લેનાર કંપનીને તાત્કાલિક જાણ કરવાની ખાતરી આપે છે.

u. ઋણ લેનાર આથી બાયંધરી આપે છે કે તે/તેણી/તે સમયાંતરે કંપનીની શાખ નીતિની બાકાતી યાદીમાં હોય તેવી કોઈપણ પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાશે નહીં અથવા એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ નહિ થાય જે દેશના સામાજિક અને આર્થિક વાતાવરણને જોખમમાં મૂકી શકે અથવા પ્રતિકૂળ અસર કરી શકે.

v. કંપનીને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ના નિયમોનું પાલન કરીને, ઇરાદાપૂર્વક ચૂક થવા પર ઇરાદાપૂર્વકનીચૂક કરનાર તરીકે ઋણ લેનાર અને/અથવા જામીનદારને વર્ગીકૃત કરવાનો અને શાખ માહિતિ કંપનીઓ (સીઆઇસી) ને તેની જાણ કરવાનો અને ઇરાદાપૂર્વકનીચૂક કરનાર (ઋણ લેનાર અને/અથવા જામીનદારના માલિકો/ભાગીદારો/નિર્દેશકો/પ્રાયોજકો/ઋણ લેનાર અને/અથવા જામીનદારના બાબતોના સંચાલન માટે જવાબદાર/ઉત્તરદાયી વ્યક્તિઓ સહિત) નું નામ, ફોટોગ્રાફ અખબાર(રો) અને/અથવા અન્ય કોઈપણ રીતે પ્રકાશિત કરવાનો અધિકાર રહેશે.

"ઇરાદાપૂર્વકનીચૂક' અને 'ઇરાદાપૂર્વકનીચૂક કરનાર' શબ્દોનો અર્થ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (ઇરાદાપૂર્વકનીચૂક કરનાર અને મોટા ચૂક કરનારની સારવાર) દિશાનિર્દેશો, 2024 હેઠળ આપવામાં આવેલ , સમયાંતરે સુધારેલા અથવા રદ કરવામાં આવ્યા હોય તે થશે.

ઇરાદાપૂર્વક ચૂક કરનારના વર્ગીકરણના સંદર્ભમાં, ઋણ લેનાર અને જામીનદાર વધુમાં કરાર કરે છે કે:

i ઋણ લેનાર કે તેના કોઈપણ નિર્દેશક/પ્રાયોજક/ભાગીદારો/ ઋણ લેનારના કામકાજના સંચાલન માટે હવાલો ધરાવનાર/જવાબદાર વ્યક્તિઓને ઇરાદાપૂર્વક ચૂક કરનાર જાહેર કરવામાં આવ્યા નથી. ઋણ લેનાર, કંપનીના કિસ્સામાં નિર્દેશક તરીકે અને ભાગીદારી પેઢીના કિસ્સામા ભાગીદાર તરીકે કોઇ એવી વ્યક્તિને તેના કામકાજના સંચાલન માટે હવાલામા અને જવાબદાર વ્યક્તિ તરીકે.સામેલ કરશે નહીં જેનું નામ આરબીઆઇ/સીઆઇસીની ઇરાધાપૂર્વક ચૂક કરનારાઓની યાદીમાં હોય. જો ઋણ લેનારના નિર્દેશક/ભાગીદાર/હવાલામા રહેવા તરીકે નિયુક્ત અને ચાલુ રહેલ વ્યક્તિ ઇરાદાપૂર્વક ચૂક કરનાર હોવાનું જણાય, તો ઋણ લેનાર તે વ્યક્તિને નિર્દેશક/ભાગીદાર/હવાલામા રહેવા અને સંચાલન માટે જવાબદાર પદ પરથી દૂર કરવા માટે ઝડપી અને અસરકારક પગલાં લેશે. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે કોઈ પણ સંજોગોમાં, કંપની તેના પ્રાયોજક અને/અથવા નિર્દેશક(કો) અને/અથવા કંપનીના બાબતોના સંચાલન માટે હવાલાના અને જવાબદાર વ્યક્તિનું નામ ઇરાદાપૂર્વકના ચૂક કરનારાઓની યાદીમાં રહે ત્યાં સુધી, ણ લેનારનાને પૂરી પાડવામાં આવેલી હાલની સુવિધાઓનું નવીકરણ/વધારો/નવી શાખ સુવિધાઓ પૂરી પાડશે નહીં અથવા તેનું પુનર્ગઠન કરશે નહીં.

ii ધિરાણ અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ ફક્ત તે હેતુ માટે જ કરવામાં આવશે જેના માટે તેને મંજૂર કરવામાં આવી છે અને ધિરાણ "અન્ય હેતુ માટે વાળવામાં" અથવા "અન્ય હેતુ માટે ખર્ચ" કરવામાં નહીં આવે અથવા અન્ય કોઈપણ હેતુ માટે ઉપયોગમાં લેવામાં નહીં આવે. જો કંપની ઋણ લેનારના ઓડિટર(રો) પાસેથી ઋણ લેનાર દ્વારા ભંડોળ અન્ય જગ્યાએ વાળવા/ઉપયોગ અંગે ચોક્કસ પ્રમાણપત્ર ઇચ્છતી હોય, તો કંપનીને આ હેતુ માટે ઋણ લેનારના ઓડિટર(રો)ને અલગ આદેશ આપવાનો અધિકાર રહેશે. જોકે, જો કંપની ઈચ્છે તો, કંપનીને તેના કોઈપણ કર્મચારી/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ/ઓડિટર દ્વારા ઋણ લેનારના ખર્ચ અને ખર્ચાઓ પર ભંડોળના ડાયવર્ઝન/સાઇફનિંગ, જો કોઈ હોય તો, તપાસવા માટે ઋણ લેનારના ખાતાઓનું ઓડિટ કરાવવાનો અધિકાર રહેશે. ઋણ લેનાર કંપનીના કર્મચારીઓ, ચાર્ટર્ડ કાઉન્ટન્ટ/ઓડિટર/ઓડિટરને તેમની ઓફિસ/પરિસર અને તેમના તમામ રેકોર્ડમાં પ્રવેશ આપવાની મંજૂરી આપશે અને આ હેતુ માટે તેમને જરૂરી કોઈપણ માહિતી/રેકોર્ડ પૂરા પાડશે.

**14. જામીનદારની જવાબદારીઓ:**

a. જામીનદાર કંપનીને બાયંધરી આપે છે કે જો ઋણ લેનાર આ ધિરાણ કરાર હેઠળ નિયત તારીખે હપ્તા ચૂકવવામાં નિષ્ફળ જાય અથવા તેની કોઈપણ જવાબદારીઓ પૂર્ણ ન કરે, તો જામીનદાર કંપનીને ખાતરી આપે છે, સ્વીકારે છે અને વિવાદ અથવા અવરોધ વિના આવી કોઈપણ રકમ માંગ પર ચૂકવવા માટે પોતાને જવાબદાર ઠેરવે છે. જોકે, કોઈપણ ચૂકની ઘટના અંગે માંગ કરવામાં કંપની તરફથી કોઈપણ નિષ્ફળતા અથવા વિલંબ આ ધિરાણ કરાર હેઠળ જામીનદારને જવાબદારીમાંથી મુક્ત કરશે નહીં.

b. આ ધિરાણ કરાર હેઠળ ઋણ લેનાર દ્વારા કંપનીને ચૂકવવાપાત્ર કોઈપણ હપ્તા, વ્યાજ, દંડ, ચાર્જ, ફી, ખર્ચ અને અન્ય કોઈપણ બાકી રકમ સહિત બાકી રહેલી તમામ રકમ માટે આ હેઠળ જામીનદારની જવાબદારી ઋણ લેનારની જવાબદારી સાથે સહ-અપરિમિત રહેશે.

c. જામીનદાર સંમત થાય છે કે તેની જવાબદારી પ્રાથમિક જવાબદાર વ્યક્તિ તરીકે રહેશે અને માત્ર જામીન તરીકે નહીં અને કંપની દ્વારા ઋણ લેનારને આપવામાં આવેલી કોઈપણ સુવિધા અથવા સમય અથવા આ ધિરાણ કરાર હેઠળ કોઈપણ બાકી રકમની ચુકવણી અથવા ઉપરોક્ત ધિરાણની ચુકવણીમાં દર્શાવવામાં આવેલી કોઈપણ છૂટછાટ અથવા સંયમને કારણે અથવા બનાવવા માટે સર્જવામાં આવનાર કોઈપણ સુરક્ષા અંગે બાયંધરી ને નબળી અથવા પુર્ણ થયેલ નહીં બને. જામીનદાર વધુમાં સંમત થાય છે કે આવી કોઈપણ સુવિધા, સમય અથવા છૂટછાટ અથવા દર્શાવવામાં આવેલ સંયમ જામીનદારને યોગ્ય સૂચના આપ્યા પછી અને તેની સંમતિથી આપવામાં આવી હોવાનું માનવામાં આવશે.

d. કંપની અને અન્ય જામીનદાર વચ્ચે થયેલ કોઈપણ વ્યવસ્થા, જો કોઈ હોય, છતાં પણ જામીનદાર સામે કંપનીના અધિકારો સંપૂર્ણ રીતે અમલમાં રહેશે, અથવા તે આવા અન્ય જામીનદાની જવાબદારીમાંથી મુક્તિ મળવા છતાં પણ કંપની જામીનદાર દ્વારા અહીં હેઠળની તેની જવાબદારીઓની તમામ બાબતોમાં જામીનદાર હંમેશા ઉપરોક્ત જવાબદારીઓ પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે જવાબદાર રહેલ હોય તેટલી હદ સુધી જામીનદાર દ્વારા તેની જવાબદારીઓ નિભાવવાની માંગ કરી શકશે.

e. જામીનદાર આથી સંમત થાય છે કે તેમની સંમતિ/મંજુરી વિના, ઋણ લેનાર અને કંપની આ ધિરાણ કરારની શરતો અને નિયમોમાં બદલાવ, ફેરફાર અથવા સુધારો કરવા માટે સ્વતંત્ર રહેશે અને ખાસ કરીને ધિરાણની પરત ચુકવણી અને/અથવા આ ધિરાણ કરારની જોગવાઈઓ અનુસાર વ્યાજ દરમાં કોઈપણ વધારા સહિત કંપની દ્વારા જરૂરી જણાય તેવા નિયમો અને શરતો ઋણ લેનાર દ્વારા કંપનીને ચૂકવવાપાત્ર વ્યાજ અને અન્ય નાણાંની ચુકવણી, મોકૂફ રાખવા, મુલતવી રાખવા અથવા સુધારવા માટે સ્વતંત્ર રહેશે.

f. કંપનીને જામીનદારને સૂચના આપ્યા વિના અને આ બાયંધરીને કોઈપણ રીતે અસર થયા વિના, કોઈપણ સમયે અને કોઈપણ રીતે, ઋણ લેનાર પાસેથી કંપનીને આપવાના હપ્તાઓ અથવા અન્ય નાણાની ચૂકવણી અથવા કોઈપણ ઉપાયોનો અમલ કરવા અથવા અમલમાં ધીરજ રાખવાની, ઋણ લેનાર સાથે કોઈપણ પતવણી અથવા બાંધછોડ કરવાની અથવા ઋણ લેનારને સમય અથવા અન્ય કોઈપણ છૂટછાટ અથવા સુવિધા આપવા માટેની આ ધિરાણ કરાર હેઠળ કંપની માટે અનામત રહેલ કોઈપણ સત્તા અથવા સત્તાઓનો ઉપયોગ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા રહેશેઅને જામીનદાર, કંપની દ્વારા ઉપરોક્ત બાબતોના સંદર્ભમાં તેની સ્વતંત્રતાનો ઉપયોગ કરવા અથવા કંપની તરફથી કોઈપણ કૃત્ય કરવા અથવા ન કરવાથી અથવા કોઈપણ અન્ય બાબત અથવા વસ્તુ દ્વારા મુક્ત થશે નહીં જે, આ જોગવાઇ સિવાય, જામીન સંબંધિત કાયદા હેઠળ, જામીનદારને મુક્ત કરવાની અસર ધરાવે છે અને જામીનદાર આથી કંપનીની તરફેણમાં જ્યાં સુધી આ બાયંધરીની જોગવાઇઓમાની કોઇ પણને અસર આપવા જરૂરી હોય તેટલી હદ સુધી જામીનદાર અન્યથા અમલ કરવા હક્કદાર હોય તેવી તમામ બાયંધરી લગત અને અન્ય તમામ હક્કો જતા કરે છે.,

g. જ્યારે આ બાયંધરી પર જામીનદાર સામે આ બાયંધરી પર કાર્યવાહી કરવામાં આવે ત્યારે કોઇ પણ સમયે ધિરાણની ચુકવણી માટેની કોઈપણ સુરક્ષા અથવા સુરક્ષાઓ બાકી હોય, વસૂલ ન થઈ હોય અથવા નષ્ટ ગઈ હોય તેમ છતાં પણ આ બાયંધરી જામીનદાર સામે લાગુ પડવા પાત્ર રહેશે.

h. જામીનદાર સંમત થાય છે કે કંપનીના એકાઉન્ટ્સના સ્ટેટમેન્ટની યોગ્ય રીતે પ્રમાણિત નકલ, આ ધિરાણ કરાર હેઠળ બાકી અને ચૂકવવાપાત્ર રકમ તરીકે જામીનદાર પર બંધનકર્તા રહેશે.

i. જામીનદારની જવાબદારી અહીં આપેલ નાદારી અથવા ઋણ લેનારની નાદારી માટે રજૂ કરાયેલ, પસાર કરાયેલ અથવા કરવામાં આવેલી કોઈપણ અરજી અથવા ઠરાવ અથવા આદેશ દ્વારા અથવા કંપની અથવા ઋણ લેનારના બંધારણમાં કોઈપણ ફેરફાર દ્વારા કોઈપણ રીતે પ્રભાવિત થશે નહીં.

j. જામીનદાર આથી સંમત થાય છે અને જાહેર કરે છે કે ઋણ લેનાર ધિરાણ ઉપરાંત વધુ ધિરાણ અથવા અન્ય સુવિધાઓ મેળવવા માટે મુક્ત રહેશે અને/અથવા આ બાયંધરીના અસ્તિત્વ દરમિયાન તેનુ નવીકરણ (રિન્યૂ) કરી શકશે, જે કિસ્સામાં અહીં આપેલી બાયંધરી કોઈપણ રીતે પ્રભાવિત અથવા ક્ષતિગ્રસ્ત થશે નહીં પરંતુ તે સંપૂર્ણ અમલ અને અસરમાં રહેશે અને જામીનદારને બંધનકર્તા રહેશે.

k. જામીનદાર આથી સંમત થાય છે કે આ ધિરાણ કરાર હેઠળ જામીનદારને ચુકવણી કરવાની ફરજ પાડતા પહેલા કંપનીએ તેના અધિકારોને વાપરી નાખવા અથવા ઋણ લેનાર સામે કોઈ કાર્યવાહી કરવી જરૂરી રહેશે નહીં.

l. આ ધિરાણ કરાર અથવા અન્ય કોઈપણ સંબંધિત અથવા જે તે દસ્તાવેજની કોઈપણ જોગવાઈના સંદર્ભમાં કંપની અને ઋણ લેનાર વચ્ચે વિવાદ પડતર હોવા છતાં, જામીનદાર કંપની દ્વારા માંગવામાં આવે ત્યારે આ બાયંધરી હેઠળ બાકી અને ચૂકવવાપાત્ર ચુકવણી કરવા સંમત થાય છે.

m. જ્યાં સુધી ઋણ લેનાર તમામ વ્યાજ, દંડ, ખર્ચ, ચાર્જ અને અન્ય તમામ નાણાં જે સમયાંતરે કંપનીને ચૂકવવાપાત્ર અને ચૂકવવાપાત્ર બની શકે છે અને આ ધિરાણ કરાર હેઠળ વણચૂકવેલ રહેલ હોય તે સાથે ધિરાણની સંપૂર્ણ ચુકવણી ન કરે ત્યાં સુધી આ બાયંધરી ચાલુ રહેશે અને તે અમલમાં રહેશે.

n. જામીનદાર સંમત થાય છે કે આ ધિરાણ કરારમાં કોઈપણ ખામી અથવા તેની અમાન્યતા અને/અથવા અપૂર્ણ દસ્તાવેજો અથવા લખાણો હોય તેમ છતાં પણ, આ બાયંધરી માન્ય અને કાર્યરત રહેશે અને જામીનદારને આ બાયંધરીના અમલ કર્યા સિવાય આમાની તેની જવાબદારીમાંથી મુક્ત થશે નહીં.

o. આ બાયંધરી ઋણ લેનાર દ્વારા કંપનીને કરવામાં આવેલ અથવા તેની સાથે પતાવટ કરાયેલ કોઈપણ ચુકવણી દ્વારા સંપૂર્ણપણે અથવા આંશિક રીતે સંતોષાશે નહીં અથવા ખતમ થશે નહીં અને જામીનદાર પર માન્ય અને બંધનકર્તા રહેશે અને આ ધિરાણ કરાર હેઠળ કંપનીને બાકી રહેલા તમામ નાણાંની સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી કાર્યરત રહેશે.

p. આ બાયંધરી રદ ન કરી શકાય તેવી છે અને કંપનીએ કોઈપણ અન્ય કોર્પોરેટ કે વ્યક્તિગત બાયંધરી મેળવી હોય તો પણ તે જ્યાં સુધી ધિરાણની ચુકવણી, વ્યાજ અને અન્ય તમામ ખર્ચાઓ અને બાકી રકમ સહિત કંપનીના તમામ બાકી રકમ ઋણ લેનાર દ્વારા ચૂકવવામાં ન આવે ત્યાં સુધી લોન સુરક્ષિત કરવા માટે સંપૂર્ણ રીતે અમલમાં રહેશે. આ બાયંધરી જામીનદારના વારસદારો, અમલકર્તાઓ અને વહીવટકર્તાઓ પર બંધનકર્તા રહેશે.

**15. વહેલા બંધ કરવુ (પ્રી-ક્લોઝર):**

a. કંપની, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને વહેલા બંધ કરવ (પ્રીક્લોઝર) જેવી શરતો પર, ઋણ લેનારની વિનંતી પર હપ્તાઓને વેગ આપવા અથવા ધિરાણને વહેલી ચૂકવણી (ફોરક્લોઝર)ને મંજૂરી આપે છે.

b. ઋણ લેનાર ઋણ લેનારના વહેલા બંધ કરવા (પ્રી-ક્લોઝ) ના ઈરાદા પૂર્વે 21 (એકવીસ) થી ઓછા નહિ તેટલા દિવસ પહેલાં કંપનીને લેખિતમાં નોટિસ આપીને અને કંપનીને પુરેપુરી ધિરાણની બાકી રહેતી રકમ, ચડી ગયેલ બાકી હપ્તાઓ, વ્યાજ, દંડનીય ચાર્જ અને આ ધિરાણ કરાર હેઠળ બાકી રહેલ અને ઋણ લેનાર દ્વારા ચૂકવવાપાત્ર અન્ય તમામ નાણાં ચૂકવીને સમગ્ર બાકી ધિરાણ વહેલા બંધ (પ્રીક્લોઝ) કરી શકે છે. શેડ્યૂલમાં ઉલ્લેખિત સમયગાળા સુધી પ્રીક્લોઝર કરી શકાતું નથી

c. પ્રી-ક્લોઝર ધિરાણ કરારના પરીશીષ્ટમાં નિર્ધારિત ફી કરતાં વધુ હશે અથવા કંપની દ્વારા નક્કી કરાયેલા દરો લાગુ પડશે.

d. સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત પ્રીક્લોઝર રકમ એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ ચેક/મેન્ડેટની વસૂલાતને આધીન છે અને એવી ધારણા પર કે તમામ ચૂકવણી ધિરાણ કરાર પેટે આવી છે, જેની નિષ્ફળતાના પ્રસંગે, તો તે ઉલટાવી દેવામાં આવશે અને ચેક/મેન્ડેટ અનાદર ચાર્જ, દંડ ચાર્જ અને લાગુ પડતા અન્ય ચાર્જ સાથે ચૂકવવાપાત્ર બનશે.

**16. દંડનીય ચાર્જ**

**આ ધિરાણ કરાર હેઠળ કંપનીના અંત લાવવાનાના અધિકારો અને અન્ય કોઈપણ અધિકારોને બાધ આવ્યા વિના, ઋણ લેનાર/જામીનદાર કંપનીને, હપ્તાઓ અથવા અન્ય કોઈપણ બાકી લેણાંની ચુકવણીમાં કોઈપણ વિલંબ થવા પર, કંપનીની સંતષે આવી ચૂક થયેલ રકમની વાસ્તવિક સંપૂર્ણ ચુકવણીની તારીખથી, આમાના પરીશીષ્ટમાં ઉલ્લેખિત દરે ચૂક હેઠળની રકમ પર લાદવામાં આવેલા ("દંડનીય ચાર્જ") ચૂકવશે.**

**17. સોંપણી અને સુરક્ષિત કરવુ:**

a. આ ધિરાણ કરાર ઉધાર ઋણ લેનાર અને જામીનદાર માટે વ્યક્તિગત છે. કંપનીની પૂર્વ લેખિત સંમતિ વિના, ઋણ લેનાર અથવા જામીનદાર આ ધિરાણ કરાર હેઠળ તેના કોઈપણ અધિકારો અથવા જવાબદારીઓ અથવા લાભો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ વ્યક્તિને સોંપવા અથવા તબદીલ કરવા માટે હકદાર રહેશે નહીં.

b. કંપની આ ધિરાણ કરાર હેઠળ તેના કોઈપણ અથવા બધા અધિકારો, લાભો, જવાબદારીઓ, ફરજો અને જવાબદારીઓ, ઋણ લેનાર/જામીનદારને સૂચના આપ્યા વિના કોઈપણ વ્યક્તિ અથવા એન્ટિટીને વેચાણ, તબદીલી, સુરક્ષિતતા, ચાર્જ અથવા અન્યથા હપ્તા અને ધિરાણ સિલક પ્રાપ્ત કરવાનો અધિકાર સહિત, મંજૂર કરવા, સુરક્ષિત કરવા, વેચવા, સોંપવા અથવા તબદીલ કરવા માટે સંપૂર્ણ હકદાર રહેશે અને તેની પાસે સંપૂર્ણ સત્તા અને અધિકાર હશે, અને આવા કોઈપણ વેચાણ, સોંપણી અથવા તબદીલી ઋણ લેનાર/જામીનદારને નિર્ણાયક રીતે બંધનકર્તા રહેશે અને ઋણ લેનાર અને જામીનદાર આ ધિરાણ કરાર હેઠળ આવા સોંપણી કરનાર પ્રત્યેની તેમની જવાબદારીઓ નિભાવશે. ઋણ લેનાર સ્પષ્ટપણે સમજે છે અને સ્વીકારે છે કે કંપની, કંપનીને ખરીદનાર, સોંપણી કરનાર અથવા તબદીલ કરનાર વતી ઋણ લેનાર સામે કંપનીની પસંદગીના કોઈપણ તૃતીય પક્ષને કાર્યવાહી કરવાની તેની સત્તા જાળવી રાખવાનો અધિકાર અનામત રાખવા સહિત, તેના તમામ અધિકારો અને હિતોને સંપૂર્ણ અથવા આંશિક રીતે કોઈપણ રીતે વેચવા, સોંપવા અથવા તબદીલ કરવા માટે સંપૂર્ણ હકદાર રહેશે અને કંપની નક્કી કરી શકે તેવી રીતે અને શરતો પર સંપૂર્ણ સત્તા અને અધિકાર ધરાવશે.

c. ઋણ લેનાર કંપનીને ઋણ લેનારના જોખમ અને ખર્ચે ઉધાર લેનાર દ્વારા પૂરી પાડવામાં આવેલી, સંબંધિત અને જે તે કોઈપણ હકીકત અથવા માહિતી ચકાસવા માટે અને/અથવા ઋણ લેનારની બાકી રકમ એકત્રિત કરવા/ સુરક્ષાનો અમલી કરવા માટે એક અથવા વધુ વ્યક્તિ(ઓ) ને રોકવા માટે અધિકૃત કરે છે અને કંપની યોગ્ય માને તે મુજબ આવા વ્યક્તિ(ઓ) ને આવા દસ્તાવેજો, માહિતી, હકીકતો અને આંકડા પૂરા પાડી શકે છે અને આ સંદર્ભમાં ખર્ચ ઋણ લેનાર દ્વારા ભોગવવામાં આવશે.

**18. પૂર્વાધિકાર અને સેટ-ઓફ:**

a. કંપની પાસે ઋણ લેનાર/જામીનદારના તમામ નાણાં, કંપનીના કોઈપણ ખાતામાં, જમા હોય તેના પર પૂર્વાધિકાર અને સેટ-ઓફનો અધિકાર રહેશે. જો કંપની દ્વારા માંગણી કરવામાં આવે અને ધિરાણ ખાતામાં બાકી રહેલી રકમ નિર્ધારિત સમયમર્યાદામાં ચૂકવવામાં ન આવે, તો ઋણ લેનાર/જામીનદારના કોઈપણ ખાતામાં આવી જમા સિલક ધિરાણ ખાતા હેઠળની બાકી રકમમાં

સમાયોજિત કરવામાં આવશે. કોઈપણ ખાધના કિસ્સામાં, કંપની દ્વારા ખાધની રકમ ઋણ લેનાર/જામીનદાપાસેથી વસૂલ કરી શકાય છે. કંપની, જ્યાં સુધી આ ધિરાણ અને/અથવા અન્ય કરારો હેઠળ ઋણ લેનાર/જામીનદાર દ્વારા ચૂકની કોઈ સતત ઘટના ચાલુ રહે છે જે પછીથી દાખલ થઈ શકે છે/કંપની પાસેથી મેળવેલી કોઈપણ નાણાકીય સુવિધા હેઠળ ઋણ લેનાર/જામીનદાર સાથે સંબંધિત હોવાનું જણાય ત્યાં સુધી, ન વાંધા પ્રમાણપત્ર/ફોર્મ-35, મૂળ માલીકી લેખ/દસ્તાવેજો, ન લેણા પત્ર જારી કરવા/સોંપવા અને/અથવા કરાર હેઠળ ઋણ લેનારની સંપત્તિ સંબંધિત મિલકત પર ઉભા કરેલ ગીરો/સાનખત અને/અથવા ઋણ લેનાર દ્વારા લેવામાં આવેલ અન્ય સુરક્ષિત ધિરાણ, જો કોઇ હોય તો, માથી મુક્તિ રોકવા માટે હકદાર રહેશે, છે. તદાનુસાર, ઋણ લેનાર/જામીનદાર આથી સંમત થાય છે અને સ્વીકારે છે કે તેઓ માત્ર ઋણ લેનાર/જામીનદાર દ્વારા કરાયેલા તમામ કરારોમાં બાકી રહેલા તમામ લેણાં/ચાર્જની સંપૂર્ણ અને અંતિમ પતાવટ પછી ન વાંધા પ્રમાણપત્ર/ફોર્મ-35, માલીકી ખતો/દસ્તાવેજો, ન લેણા પત્ર મેળવવા માટે અને ઉક્ત ગીરોને મૂક્ત કરવાની વિનંતી કરવા માટે હકદાર રહેશે

b. ઋણ લેનાર/જામીનદાર દ્વારા કોઈ ક્ષતિપૂર્તિ (સેટ-ઓફ) અથવા પ્રતિદાવો કરવામાં આવશે નહીં અને આ ધિરાણ કરાર હેઠળ ઋણ લેનાર/ જામીનદાર દ્વારા કરવામાં આવતી તમામ ચુકવણીઓ સેટ-ઓફ અથવા બાયંધરી અથવા તેમાંથી કોઈપણ સિવાય અથવા કોઈપણ કાયદા હેઠળ કરવી આવશ્યક છે.

**19. વળતર**

ઋણ લેનાર/ જામીનદાર કંપનીને અહીં આપેલી કોઈપણ ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી અથવા ઋણ લેનાર/ જામીનદાર દ્વારા અહીં આપેલી કોઈપણ શરતો, કરારો અને જોગવાઈઓના નિયમભંગ/ચૂક/ ભંગ/ઉલ્લંઘન/અનુસરણ/અનુપાલન ન કરવાને કારણે કંપનીને થઈ શકે તેવી તમામ પગલા, દાવાઓ, કાર્યવાહીઓ અને તમામ ખર્ચ, ચાર્જ, વીમા પ્રીમિયમ ખર્ચ, ખોટ અથવા નુકસાન સામે કંપનીને વળતર આપશે અને ભરપાઈ કરશે. કંપની આ કલમ હેઠળ ઋણ લેનાર દ્વારા ચૂકવવાપાત્ર કોઈપણ રકમનો સદર બાકી રકમ જે આ ધિરાણ કરારની વિષય-વસ્તુ છે તેમાં સમાવેશ કરવા માટે હકદાર રહેશે.

**20.નોટિસ:**

આ અનુસાર કોઈપણ નોટિસ જો આ ધિરાણ કરારમાં ઉલ્લેખિત ઋણ લેનાર/ જામીનદારના સરનામે પોસ્ટ/કુરિયર/ટેલિગ્રામ/ફેસિમાઇલ ટ્રાન્સમિશન/ઇ-મેઇલ દ્વારા મોકલવામાં આવે અથવા ઋણ લેનાર/ જામીનદારને યોગ્ય રીતે સૂચિત કરતી અન્ય ઇલેક્ટ્રોનિક રીત દ્વારા મોકલવામાં આવે તો તે યોગ્ય રીતે આપવામાં આવેલ અને બજાવવામાં આવેલ માનવામાં આવશે અને ઈ-મેઇલ/અન્ય ઇલેક્ટ્રોનિક રીતો સિવાયની આવી નોટિસ પોસ્ટિંગની તારીખ પછીના બીજા ક્જામકાજના દિવસે અથવા પ્રાપ્તિની વાસ્તવિક તારીખ, જે પણ પહેલા હોય તે દિવસે અસરમાં આવેલ માનવામાં આવશે. જો નોટિસ ઈ-મેલ અથવા અન્ય કોઈપણ ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવામાં આવેલ હોય, તો નોટિસ ત્યારે બજાવવામાં આવી હોવાનું માનવામાં આવશે જ્યારે આવી નોટિસ વાંચવામાં આવી રહી હોવાની સંબંધિત રસીદ આપવામાં આવે, અથવા જ્યાં મોકલતી વખતે કંપની દ્વારા વાંચવાની કોઈ રસીદની વિનંતી કરવામાં ન આવે.

**21. કિમત અને ખર્ચાઓ:**

a. આ ધિરાણ કરારના સંદર્ભમાં તમામ ખર્ચ (વકીલ ફી સહિત), ચાર્જ, ખર્ચ, કર, લાગત (સ્ટેમ્પ લાગતટી સહિત) ઋણ લેનાર અને જામીનદાર દ્વારા ભોગવવામાં અને ચૂકવવામાં આવશે. ઋણ લેનાર અને જામીનદાર કંપનીને હપ્તાઓ એકત્રિત કરવા અથવા એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં થયેલા કોઈપણ ખર્ચ અને કાનૂની કાર્યવાહી અને વસૂલાત માટે રોકાયેલા પ્રતિનિધિઓના ખર્ચ સહિત કંપનીને બાકી રહેલી કોઈપણ અન્ય રકમ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

b. કંપની તરફથી માંગણીની સૂચના મળ્યાના 3 દિવસની અંદર ઋણ લેનાર/જામીનદાર કંપની દ્વારા ચૂકવવામાં આવેલી તમામ રકમ અથવા થયેલા ખર્ચની ભરપાઈ કરશે. સદર રકમ ચુકવણીની તારીખથી ભરપાઈની તારીખ સુધી દંડનીય રહેશે.

**22.અધિત્યાગ (વેવર):**

આ ધિરાણ કરાર અથવા કંપની દ્વારા પૂરા પાડવામાં આવેલા કોઈપણ અન્ય કરાર, દસ્તાવેજ અથવા છૂટ હેઠળ કંપનીને મળેલા કોઈપણ અધિકાર, સત્તા અથવા ઉપાયનો ઉપયોગ કરવામાં અથવા તેનો ઉપયોગ કરવામાં વિલંબ થવાથી અથવા ઉપયોગ ન કરવાથી આવા કોઈપણ અધિકાર, સત્તા અથવા ઉપાય અક્ષમ નહિ બને અને કોઇ પણ ચૂકમાં તેને અધિત્યાગ અથવા કોઈપણ સંમતિ તરીકે નહિ માનવામાં આવે, ન તો કોઈપણ ચૂકના સંદર્ભમાં કંપનીની કાર્યવાહી અથવા નિષ્ક્રિયતા અથવા કોઈપણ ચૂકમાં તેના દ્વારા કોઈપણ સંમતિ કંપનીના કોઈપણ અન્ય ચૂકના સંદર્ભમાં કોઈપણ અધિકાર, સત્તા અથવા ઉપાયને અસર અથવા અક્ષમ કરે.

**23. લાગૂ કરવાની યોગ્યતા:**

જો આ ધિરાણ કરારમાં દર્શાવેલ એક અથવા વધુ જોગવાઈઓ અમાન્ય અથવા અમલમાં ન કરી શકાય તેવી હોય, તો એવી સંમતી કરવામાં આવે છે કે ધિરાણ કરારનો બાકીનો ભાગ તેમ છતાં લાગુ કરવા પાત્ર રહેશે અને કાયદા દ્વારા મંજૂર હદ સુધી, કોઈપણ અધિકાર અથવા જોગવાઈ જે અમાન્ય અથવા અમલ ન કરી શકાય તેવી હોય તેમાં પ્રતિબિંબિત થતા પક્ષકારોનો હેતુને અમલમાં મૂકવામાં આવશે.

**24. શાખ માહિતી:**

(a) ઋણ લેનાર/જામીનદાર આથી સંમત થાય છે અને કંપની દ્વારા તમામ અથવા અહીં આપેલ કોઈપણ જાહેર કરવા માટે સંમતિ આપે છે; જેમ કે i. ઋણ લેનાર/જામીનદાર સંબંધિત માહિતી અને ડેટા; ii. ઋણ લેનાર/જામીનદાર દ્વારા મેળવેલ/મેળવવામાં આવનાર કોઈપણ શાખ સુવિધા સંબંધિત માહિતી અથવા ડેટા અને iii. ઋણ લેનાર/જામીનદાર દ્વારા તેમની જવાબદારી નિભાવવામાં કરેલ ચૂક, જો કોઈ હોય તો, જે કંપનીને આ અંગે આઅરબીઆઇ દ્વારા અથવા અન્ય કોઈપણ લાગુ કાયદા હેઠળ શાખ માહિતી કંપની/ઓ અને/અથવા એજન્સી/ઓ સમક્ષ જાહેર કરવી અને પૂરી પાડવી યોગ્ય અને જરૂરી લાગે;

(b) ઋણ લેનાર/જામીનદાર બાંયધરી આપે છે કે શાખ માહિતી કંપની/ઓ અને/અથવા અધિકૃત એજન્સી/ઓ

i કંપની દ્વારા જાહેર કરાયેલી માહિતી અને ડેટાનો ઉપયોગ, તેના પર યોગ્ય લાગે તે રીતે પ્રક્રિયા કરી શકે છે; અને ii. આ બાબતે ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત કર્યા મુજબ, તેમના દ્વારા પ્રક્રિયા કરાયેલ માહિતી અને તૈયાર કરેલ તેના ડેટા અથવા ઉત્પાદનો બેંકો/નાણાકીય સંસ્થાઓ અને અન્ય શાખ આપનારાઓ અથવા નોંધાયેલા વપરાશકર્તાઓને વિચારણા માટે આપી શકે છે. . ઋણ લેનાર/ જામીનદાર વધુમાં સંમત થાય છે અને કંપની દ્વારા ઋણ લેનાર/ જામીનદારની તમામ અથવા કોઈપણ માહિતી જુથ કંપનીઓ, પેટાકંપનીઓ અથવા કંપની યોગ્ય ગણે તેવી કોઈપણ અન્ય વ્યક્તિને જાહેર કરવા માટે સંમતિ આપે છે.

**25. પ્રકીર્ણ:**

a. કંપની કોઈપણ નિયમો અને શરતો (વ્યાજ દર, દંડનીય ચાર્જ, પ્રીક્લોઝર માટે લાગુ પડતા દરો અને આ ધિરાણ કરાર હેઠળ વસૂલવામાં આવતા કોઈપણ અન્ય ચાર્જ સહિત) માં સંભવિત ફેરફાર, સુધારો અથવા બદલાવ કરવાનો અધિકાર અનામત રાખે છે અને નિયમો અને શરતોમાં કોઈપણ ફેરફારની જાણ ઋણ લેનારને તે યોગ્ય માને તે રીતે કરી શકે છે.

b. ઋણ લેનાર/ જામીનદારના સરનામામાં કોઈપણ ફેરફારની જાણ કંપનીને આવા ફેરફારના 4 દિવસની અંદર લેખિતમાં કરવામાં આવશે.

c. આ ધિરાણ કરાર ભારતના કાયદાઓ દ્વારા અનુસાશિત અને અર્થઘટન કરવામાં આવશે.

d. જો બે કે તેથી વધુ ઋણ લેનારાઓ હોય, તો આ ધિરાણ કરાર હેઠળ તેમની જવાબદારીઓ સંયુક્ત અને અનેક હશે.

e. તમામ પત્રવ્યવહારમાં, ધિરાણ કરાર નંબર ઋણ લેનાર/ જામીનદાર ટાંકવો જોઈએ.

f. આ ધિરાણ કરારમાં, સિવાય કે તેના સંદર્ભ અથવા અર્થને અન્યથા જરૂર હોય: :

i. એકવચનમાં બહુવચનનો સમાવેશ થાય છે, અને ઊલટું પણ.

ii. વ્યક્તિ દર્શાવતા શબ્દોમાં વ્યક્તિ, કોર્પોરેશન, કંપની, ભાગીદારી પેઢી, ટ્રસ્ટ અથવા અન્ય કોઈપણ એન્ટિટીનો સમાવેશ થાય છે.

iii. શિર્ષકો ફક્ત સંદર્ભ માટે છે.

g. ઋણ લેનાર આથી સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે કંપનીને ધિરાણ સાથે ઋણ લેનારને તેના અન્ય ઉત્પાદનો અને સેવાઓ (જેમ કે વીમો) અને તેના સહયોગીઓના ઉત્પાદનો અને સેવાઓનું ક્રોસ વેચાણ કરવાનો અધિકાર રહેશે.

h. આ ધિરાણ કરાર ચાલુ હોવા દરમિયાન, ઋણ લેનાર/જામીનદાર જે તે કિસ્સામાં ભાગીદારી પેઢી/કંપની/એચયુએફ હોય, તો તેમના બંધારણમાં કોઈ ફેરફાર, , તે ઋણ લેનાર/જામીનદારની જવાબદારીને અક્ષમ કે તેમને મૂક્ત નહિ કરે.

**26. લવાદી**

(a) આ કરારને પગલે ઉદભવનારા તમામ વિવાદો, મતભેદો અને/ અથવા દાવાઓ, પછી તે તેના અસ્તિત્વ દરમિયાન કે તે પછીથી થયા હોય, તેનું સમાધાન આર્બિટ્રેશન એન્ડ કન્સિલિયેશન એક્ટ, 1996 ("એક્ટ") અથવા તો તેમાં લવાદને કોઈ પણ વિવાદ સંદર્ભિત કરવામાં આવેલ તે પહેલાં જાહેર કરાયેલા કોઈ પણ વૈધાનિક સુધારાઓ અનુસાર લવાદી દ્વારા કરવામાં આવશે, અને તે આવી તકરાર ઊભી કરનારા દ્વારા નીચેનામાથી કોઇ પણ તટસ્થ લવાદ સંસ્થા (જેને હવે પછીથી "લવાદ સંસ્થા" તરીકે ઉલ્લેખવામાં આવશે):ને આવા વિવાદો, મતભેદો અને/ અથવા દાવાઓનું નિરાકરણ કરવા માટે કોઇ પણ લવાદની નિમણુકની માગણી કરીને મોકલશે:

i પ્રીસોલ્વ360, એક ઓનલાઈન વિવાદ નિવારણ પ્લેટફોર્મ/સંસ્થા, જે હાલમાં એજક્રાફ્ટ સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ચલાવવામાં આવે છે, જેની હાલમાં ઓફિસ ત્રીજો માળ, ચર્ચગેટ હાઉસ, 32, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ- 400 023 (અને તેમાં કોઈપણ અનુગામી ફેરફારો) ખાતે આવેલ છે. (અથવા) ii એડીરેસ નાઉ, એક ઓનલાઈન વિવાદ નિવારણ પ્લેટફોર્મ/સંસ્થા, જે હાલમાં એડીઆર ઇ-સરવંત્ર પ્રાઇવેટ લીમીટેડ ચલાવવામાં આવે છે, જેની હાલમાં ઓફિસ 63, પેલેસ રોડ, વસંતનગર, બેંગલુરૂ -

560 052 (અને તેમાં કોઈપણ અનુગામી ફેરફારો) ખાતે આવેલ છે. (અથવા) iii કાઉન્સિલ ફોર ઇન્ડિયન એન્ડ ઇન્ટરનેશનલ આર્બિટ્રેશન, એક ટ્રસ્ટ જેનું કાર્યાલય નંબર 6, એમ.ટી.એચ. રોડ, ડીએબીસી કોમ્પ્લેક્સ ત્રીજો માળ, વિલ્લીવક્કમ, ચેન્નાઈ - 600 049. (અને તેમાં કોઈપણ અનુગામી ફેરફારો).

લવાદી સંસ્થા વિવાદો, મતભેદો અને/અથવા દાવાઓને લવાદને મોકલશે. લવાદી સંસ્થા દ્વારા એકમાત્ર આર્બિટ્રેટરના નોમિનેશનને કરારમાં સામેલ તમામ પક્ષકારોની પારસ્પરિક સંમતિ દ્વારા સંયુક્ત રીતે નીમણુક (નોમીનેટ) કરાયેલા માની લેવામાં આવશે. આવા લવાદ દ્વારા આપવામા આવેલ ચુકાદો અંતિમ તથા આ કરારના તમામ પક્ષકારોને બંધનકર્તા ગણાશે.

(b) લવાદી સંસ્થા નીચેની ઘટનાઓમાં નિયુક્ત લવાદની જગ્યાએ અવેજી લવાદની નિમણૂક કરશે: i. નિયુક્ત લવાદનું મૃત્યુ; અથવા ii. જ્યાં નિયુક્ત લવાદ કોઈપણ કારણોસર લવાદ તરીકે કાર્ય કરવા અસમર્થ હોય અથવા અનિચ્છા હોય.

(c) લવાદી કાર્યવાહીનું સ્થળ ચેન્નાઈ અથવા કોલકાતા રહેશે. ચેન્નાઈ અથવા કોલકાતા ખાતેની કોર્ટનું આ કરાર હેઠળ ઉદભવનારા અથવા ઉદભવેલા તમામ વિવાદો અને મતભેદો અને/ અથવા દાવાઓ પર કામ ચલાવવા તેમજ તેની સુનાવણી હાથ ધરવા માટેનું સર્વોપરી ન્યાયક્ષેત્ર રહેશે. લવાદી પ્રક્રિયાઓની ભાષા અંગ્રેજી રહેશે.

(d) લવાદી સંસ્થા દ્વારા જરૂર પડ્યે લવાદી પ્રક્રિયાઓને હાથ ધરવા એકમાત્ર લવાદને વહીવટી સહાયતા પૂરી પાડવામાં આવી શકે છે.

(e) આ સાથે પક્ષકારો દ્વારા લેખિત વિનંતીઓ /રજૂઆતો, ભૌતિક અને /અથવા અન્ય ઈલેક્ટ્રોનિક /વર્ચ્યુઅલ માધ્યમે (ટપાલથી, ઈમેઈલથી અને /અથવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના માધ્યમે જેમાં વીડિયો કોન્ફરન્સ (વીસી), ઓનલાઈન, વર્ચ્યુઅલ સુનાવણી વગેરેનો સમાવેશ થતો હોય અને જેના માટે જરૂર પડ્યે બાહ્ય એપ્લિકેશન અથવા પ્લેટફોર્મનો ઉપયોગ કરાયો હોય) અથવા તે બધાના મિશ્રણ દ્વારા લવાદી પ્રક્રિયા હાથ ધરવા સંમતિ આપે છે, કે જેને એકમાત્ર લવાદ દ્વારા નિર્ધારિત કરાઈ શકે છે, અને તેમનો નિર્ણય અંતિમ તથા તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(f) ટપાલથી /કુરિયર દ્વારા પોતે પ્રમાણિત કરેલા અને તેણે/તેણીએ આપેલા ચુકાદા /વચગાળાના આદેશ /નિર્દેશની નકલ અથવા આવા ચુકાદાની સ્કેન કરેલી તસવીરને અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમે/ ડિજિટલી હસ્તાક્ષર કરેલો ચુકાદો પક્ષકારોને ઈ-મેઈલ અથવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમે પોતાની રીતે અથવા લવાદી સંસ્થા દ્વારા, તેને/તેણીને યોગ્ય લાગે તે રીતે પક્ષકારોને મોકલાવી શકે છે, જેને અધિનિયમના ઉદ્દેશ માટે સહી કરાયેલી નકલ તરીકે ગણવામાં આવશે..

(g) આ કરાર હેઠળ અથવા કંપનીને ઋણ લેનાર(રાઓ) /જામીનદાર(રો) દ્વારા ટપાલથી /ઈ-મેઈલથી અને/ અથવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમના સરનામે પૂરા પડેલા /અમલી બનાવાયેલા કરાર અથવા અન્ય દસ્તાવેજ હેઠળ પૂરા પડાયેલા ટપાલના/ ઈ-મેઈલ અને /અથવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમના સરનામે અને આવા સક્રિય ટપાલના /ઈ-મેઈલ અને /અથવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમના સરનામાંને પરિપૂર્ણ ગણી લેવાશે. ઉપર પૂરા પડાયેલા ટપાલના /ઈ-મેઈલ અને /અથવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમના સરનામાંમાં કોઈ પણ ફેરફાર અથવા અન્ય વિસંગતિઓ વિશે, કંપનીને સુયોગ્ય રીતે જાણ કરવાની રહેશે.

**27. તકરાર નિવારણ કાર્યપ્રણાલી:**

કંપનીએ આરબીઆઇ ની હાલની માર્ગદર્શિકા અનુસાર વિગતવાર ફરિયાદ નિવારણ પદ્ધતિ તૈયાર કરી છે. ફરિયાદ નિવારણ પદ્ધતિ અને સંપર્ક વિગતો https://cholamandalam.com/grievance- redressal.aspx પર ઉપલબ્ધ છે. ઋણ લેનાર પોતાની ફરિયાદોનું નિવારણ ઉપરોક્ત ફરિયાદ નિવારણ પદ્ધતિ હેઠળ કરાવી શકે છે.

**28.ઇલેક્ટ્રોનિક/ડિજિટલ એક્ઝિક્યુશન અને કોમ્યુનિકેશન્સ:**

ઋણ લેનાર અને જામીનદાર આથી સંમત થાય છે, સમજે છે, સ્વીકારે છે અને પુષ્ટિ આપે છે કે તેઓ ધિરાણ કરાર અને જોડાયેલા દસ્તાવેજોને કોઈપણ ઇલેક્ટ્રોનિક/ડિજિટલ સ્વરૂપમાં (જ્યાં લાગુ પડતુ હોય ત્યાં) ડિજિટલ/ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષર લગાવીને અથવા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) અને/અથવા તેમના જાહેર કરેલા મોબાઇલ નંબર અથવા ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવેલ ઈ-લિંક દ્વારા અને/અથવા 'હું સંમત છું/સ્વીકારું છું' બટન અથવા કોઈપણ અન્ય મોડ પર ક્લિક કરીને અમલમાં મૂકી શકે છે, જે પક્ષકારો વચ્ચે બંધનકર્તા કરાર હશે.

ઋણ લેનાર અને જામીનદારને ખબર છે કે આ ધિરાણ કરારનું, નિયમો અને શરતો, સૂચનાઓ, સ્વીકૃતિઓ અને સંદેશાવ્યવહાર ('સંદેશાવ્યવહાર') નું ઇમેઇલ, ફેસિમાઇલ, એસએમએસ ટેક્સ્ટ મેસેજિંગ, ઓનલાઈન/વેબસાઈટ સ્વીકૃતિ, વગેરે ('ઇલેક્ટ્રોનિક મીડિયા') જેવા ઇલેક્ટ્રોનિક માધ્યમો મારફત પ્રસારણ કરવામાં કપટપૂર્ણ ફેરફારો અને ખોટા પ્રસારણ અને ગોપનીયતા, ડેટા સુરક્ષા અને ગુપ્તતાનો અભાવ સહિતના અનેક જોખમો સામેલ છે.

જોકે, ઋણ લેનાર/જામીનદાર આ ધિરાણ કરાર હેઠળ ધિરાણ અને તેના સંચાલનના સંબંધમાં વિવિધ બાબતો માટે ઇલેક્ટ્રોનિક મીડિયા મારફત કંપની પાસેથી સંદેશાવ્યવહાર મેળવવા અને સંદેશાવ્યવહાર પૂરા પાડવા ઇચ્છે છે.

કંપની દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હોવાને ધ્યાને લઇ, ઋણ લેનાર/જામીનદાર આથી અફર રીતે, કંપનીને નીચે મુજબ ખાતરી આપે છે અને બાંયધરી આપે છે:

1. કંપની તેમની જરૂરિયાતો માટે ઇલેક્ટ્રોનિક મીડિયા મારફત પૂરા પાડવામાં આવેલા સંદેશાવ્યવહાર પર આધાર રાખવાનો (અને તેને વાસ્તવિક માનવાનો) હકદાર રહેશે. જો કોઈ પ્રશ્ન હોય કે શું સંદેશાવ્યવહાર પૂરા પાડવામાં આવ્યા હતા અથવા પ્રાપ્ત થયા હતા, તો કંપની દ્વારા પ્રાપ્ત થયેલા ઇલેક્ટ્રોનિક મીડિયાના રેકોર્ડને અંતિમ, નિર્ણાયક અને બંધનકર્તા ગણવામાં આવશે અને કંપની આ સંદર્ભમાં કોઈપણ ચકાસણી કરવા માટે જવાબદાર રહેશે નહીં.

2. ઋણ લેનાર/જામીનદાર પુષ્ટિ આપે છે કે કંપની આ રીતે જણાવેલા સંદેશાવ્યવહારમાં દેખાતા સંદેશાવ્યવહારના સંપૂર્ણ અથવા કોઈપણ ભાગ અનુસાર કાર્ય કરવા માટે બંધાયેલ રહેશે નહીં અને તે ઋણ લેનાર/ જામીનદારનું એકમાત્ર જોખમ રહેશે.

3. ઇલેક્ટ્રોનિક મીડિયા મારફત સંદેશાવ્યવહારના આધારે કંપની દ્વારા કોઈપણ કૃત્ય અથવા કોઈપણ ઇનકાર અથવા અવગણના અથવા કાર્યવાહી મુલતવી રાખવાના પરિણામો માટે કંપની જવાબદાર રહેશે નહીં.

4. ઋણ લેનાર અને જામીનદાર જાણે છે અને પુષ્ટિ કરે છે કે કંપની ઇલેક્ટ્રોનિક મીડિયા મારફત પૂરા પાડવામાં આવેલા કોઈપણ સંદેશાવ્યવહાર પર ફક્ત આ કલમમાં સમાવિષ્ટ બાંયધરીઓના આધારે અને તેના પર આધાર રાખીને કાર્યવાહી કરવા સંમત છે.

**29. સ્વીકૃત્તિ**

ઋણ લેનાર અને જામીનદાર આથી નીચે મુજબ જાહેર કરે છે: તેમણે પરીશીષ્ટમાં આપેલી મહત્વપૂર્ણ વિગતો સહિત પૂર્ણ ધિરાણ કરાર વાંચેલ છે, જે તેમની હાજરીમાં ભરવામાં આવી છે, તમામ કલમો/વિગતોનો સંપૂર્ણ અર્થ સમજેલ છે અને તેના દ્વારા બંધાયેલા રહેવા માટે સંમત થાય છે. આ સુવિધા મેળવવા માટે તેમણે જરૂરી દસ્તાવેજો તૈયાર કર્યા છે.

તેઓ સંમત થાય છે કે આ ધિરાણ કરાર તે તારીખે પૂર્ણ થશે અને કાયદેસર રીતે બંધનકર્તા બનશે જ્યારે કંપનીના અધિકૃત હસ્તાક્ષરકર્તા આ ધિરાણ કરાર પર હસ્તાક્ષર કરશે.

આમાના પક્ષકારોએ સમય પત્રકમાં દર્શાવેલ દિવસે, મહિને અને વર્ષમાં આ ધિરાણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા વતી

ચોલામંડલમ્ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કું. લિ.

અધિકૃત સહીકર્તા

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા હસ્તાક્ષર કરીને આપવામાં આવ્યુ

ઋણ લેનારનું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 1 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 2 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 3 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 4 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 5 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

જામીનદારનુ નામ અને હસ્તાક્ષર

**પરીશીષ્ટ**

| | |
|---|---|
| ધિરાણ કરારની તારીખ: | |
| ધિરાણ અરજી નં.: | |

| અનુ. નં. | ઋણ લેનાર / જામીનદારનો પ્રકાર | નામ | સરનામું |
|---|---|---|---|
| 1 | ઋણ લેનાર | | |
| 2 | ઋણ લેનાર 1 | | |
| 3 | ઋણ લેનાર 2 | | |
| 4 | ઋણ લેનાર 3 | | |
| 5 | ઋણ લેનાર 4 | | |
| 6 | ઋણ લેનાર 5 | | |
| 7 | જામીનદાર | | |

| અનુ. નં. | ઋણ લેનાર / જામીનદારનો પ્રકાર | ઇ-મેઇલ સરનામું (એડ્રેસ) | મોબાઇલ: | વ્યવસાય/વેપારનું સ્થળ | હેસિયત (વ્યક્તિગત / એકમાત્ર માલિક / કંપની / ભાગીદારી) |
|---|---|---|---|---|---|
| 1 | ઋણ લેનાર | | | | કંપની |
| 2 | ઋણ લેનાર 1 | | | | વ્યક્તિગત |
| 3 | ઋણ લેનાર 2 | | | | વ્યક્તિગત |
| 4 | ઋણ લેનાર 3 | | | | વ્યક્તિગત |
| 5 | ઋણ લેનાર 4 | | | | વ્યક્તિગત |
| 6 | ઋણ લેનાર 5 | | | | વ્યક્તિગત |
| 7 | જામીનદાર | | | | વ્યક્તિગત |

| | |
|---|---|
| ધિરાણનો હેતુ: | |
| ધિરાણ ઉત્પાદન | |
| ધિરાણની રકમ | |
| ધિરાણની મુદત | |
| વ્યાજનો પ્રકાર | અચલ |
| વ્યાજનો દર | % પ્રતિ વર્ષ |
| પરત ચૂકવણી સમયપત્રક*<br>(a) દરેક હપ્તાની રકમ | |
| (b) હપ્તાની સંખ્યા | |
| (c) પહેલો હપ્તો ના રોજ અથવા તે પહેલાં ચૂકવવામાં આવશે અને ત્યારબાદના હપ્તાઓ દરેક આગામી મહિનાની 5 મી તારીખે અથવા તે પહેલાં ચૂકવવામાં આવશે; | સ્વાગત પત્ર અથવા કંપની દ્વારા નક્કી કરાયેલ અન્ય કોઈ માધ્યમ દ્વારા જાણ કરવામાં આવશે. |
| ચુકવણી આવર્તન | માસિક હપ્તાઓમાં |
| **દંડનીય ચાર્જ** | **નિયત તારીખથી વાસ્તવિક ચુકવણીની તારીખ સુધી ચૂક હેઠળની રકમ પર વાર્ષિક 30%.** |

| | | |
|---|---|---|
| દસ્તાવેજ/ડુપ્લિકેટ દસ્તાવેજના શુલ્ક:<br><br>i. ખાતાના ચાર્જનું ભૌતિક સ્ટેટમેન્ટ<br>ii. ડુપ્લીકેટ ન વાંધા પ્રમાણપત્ર<br>iii. ભૌતિક પરત ચૂકવણીનું પરિશિષ્ટ* | Rs.250/-<br>Rs.1000/-<br>Rs.500/- | |
| ચેક/મેન્ડેટ વિનિમય ચાર્જિસ | Rs.500/- | |
| સોર્સીંગ ફી - એડમિન અને પ્રોસેસિંગ ફી (પી.એફ.) | એસ.એફ. | ધિરાણ રકમના |
| ચેક/મેન્ડેટ પરત ચાર્જ | Rs.1000/- | |
| આદેશ રદ ચાર્જીસ | Rs.500/- | |
| કાનૂની ખર્ચ | એક્ચ્યુઅલ્સ પર + જીએસટી | |
| પ્રીક્લોઝર શરત (સંપૂર્ણ બંધ) | નિયત તારીખે છ હપ્તા ચૂકવવામાં ન આવે ત્યાં સુધી કોઈ પ્રી-ક્લોઝરની મંજૂરી નથી. | |
| પૂર્વ બંધની શરતો (સંપૂર્ણ બંધ) | 7મા થી 12મા હપ્તા સુધીના પ્રીક્લોઝર માટે બાકી રહેલા મૂળ રકમ પર 6% + જીએસટી<br>12મો હપ્તો નિર્ધારિત તારીખે ચૂકવ્યા પછી પૂર્વ બંધ કરવાથી બાકી મૂળ રકમ પર 4% + જીએસટી લાગુ પડશે | |
| કાનૂની અને નિયમનકારી ફી – સ્ટેમ્પ ડ્યુટી | | |

નોંધ: 1. ઉપરોક્ત તમામ ફી અને ચાર્જિસ સમયાંતરે લાગુ પડતા કર, લાગત, લાદેલ કર, વધારાની લાગત અને ઉપકરસિવાયના છે.

2. મુખ્ય હકીકત નિવેદન અને તેના જોડાણો અનુસૂચિ સાથે જોડાણ તરીકે આપવામાં આવ્યા છે.

**આરબીઆઈ માર્ગદર્શિકા હેઠળ ધિરાણને એસએમએ અને એનપીએ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવાનો આધાર નીચે મુજબ છે:**

| વર્ગીકરણ શ્રેણીઓ | વર્ગીકરણનો આધાર - મુદ્દલ અથવા વ્યાજ ચુકવણી અથવા કોઈપણ અન્ય રકમ જે સંપૂર્ણપણે અથવા આંશિક રીતે મુદતવીતી હોય. |
|---|---|
| એસએમએ-0 | 30 દિવસની અંદર. |
| એસએમએ-1 | 30 દિવસથી વધુ અને 60 દિવસ સુધી |
| એસએમએ-2 | 60 દિવસથી વધુ અને 90 દિવસ સુધી |
| એનપીએ | 90 દિવસથી વધુ |

એસએમએ અથવા એનપીએ તરીકે વર્ગીકરણ સંબંધિત તારીખ માટે દિવસ-અંત પ્રક્રિયાના ભાગ રૂપે કરવામાં આવે છે અને એસએમએ અથવા એનપીએ વર્ગીકરણ તારીખ એ કેલેન્ડર તારીખ હશે જેના માટે કંપની દ્વારા દિવસ-અંત પ્રક્રિયા ચલાવવામાં આવે છે.

ધિરાણ ખાતાઓને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા પછી જ પ્રમાણભૂત સંપત્તિ તરીકે અપગ્રેડ કરવામાં આવશે જો ઉધાર લેનાર દ્વારા મુદ્દલ, વ્યાજ અને/અથવા અન્ય રકમની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવામાં આવે ("માનક સંપત્તિ" શબ્દનો અર્થ ધિરાણ ખાતાનો અર્થ થશે અને તેનો સંદર્ભ લેશે જેને એસએમએ અથવા એનપીએ તરીકે વર્ગીકૃત કરવાની જરૂર નથી). એસએમએ અથવા એનપીએ વર્ગીકરણ ઋણ લેનાર સ્તરે કરવામાં આવે છે જેનો અર્થ એ થાય કે ઋણ લેનારના તમામ ધિરાણ ખાતાઓને સૌથી વધુ મુદતવીતી દિવસો ધરાવતા ધિરાણ માટે લાગુ પડે તે રીતે વર્ગીકૃત કરવામાં આવશે.

ધિરાણ ખાતાના વર્ગીકરણમાં એસએમએ અથવા એનપીએ અથવા આરબીઆઇ દ્વારા નિર્ધારિત કોઈપણ નવી શ્રેણીમાં કોઈપણ ફેરફાર કંપની દ્વારા આપમેળે લાગુ કરવામાં આવશે અને તે જ ઋણ લેનારને લાગુ પડશે.

**એસએમએ/એનપીએ વર્ગીકરણ માટે ઉદાહરણ:** જો ધિરાણ ખાતાની ડ્યુ ડેટ 31 માર્ચ, 2022 હોય, અને કંપની આ તારીખ માટે દિવસ-અંત પ્રક્રિયા ચલાવે તે પહેલાં સંપૂર્ણ લેણાં પ્રાપ્ત ન થાય, તો મુદતવીતી તારીખ 31 માર્ચ, 2022 રહેશે. જો ધિરાણ ખાતું મુદતવીતી રહે છે, તો 30 એપ્રિલ, 2022 ના રોજ દિવસના અંતે પ્રક્રિયા ચલાવવા પર એટલે કે સતત મુદતવીતી 30 દિવસ પૂર્ણ થયા પછી ધિરાણ ખાતું એમએમએ1 તરીકે ટેગ કરવામાં આવશે. તદનુસાર, ધિરાણ ખાતા માટે એમએમએ-1 વર્ગીકરણની તારીખ 30 એપ્રિલ, 2022 રહેશે.

તેવી જ રીતે, જો ધિરાણ ખાતું મુદતવીતી રહે છે, તો 30 મે, 2022 ના રોજ દિવસ-અંત પ્રક્રિયા ચાલુ રહે ત્યારે તેને એસએમએ-2 તરીકે ટેગ કરવામાં આવશે અને જો તે વધુ મુદતવીતી રહે છે, તો 29 જૂન, 2022 ના રોજ દિવસ-અંત પ્રક્રિયા ચાલુ રહે ત્યારે તેને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

કૃપા કરીને નોંધ લો કે એમએમએ અને એનપીએ તરીકે વર્ગીકરણ માટેનો આધાર અને ઉદાહરણ લોન ખાતાને એમએમએ અને એનપીએ તરીકે વર્ગીકૃત કરવા માટે કંપની દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયાની સમજણ માટે આપવામાં આવેલ છે. આ પ્રક્રિયા ભારતીય રિઝર્વ બેંકની સૂચનાઓ/માર્ગદર્શિકાઓમાં ફેરફારને આધિન છે.

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા વતી

ચોલામંડલમ્ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કું. લિ. વતી.

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા હસ્તાક્ષર કરીને આપવામાં આવ્યુ

અધિકૃત સહીકર્તા

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

ઋણ લેનારનું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 1 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 2 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 3 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

સહ-ઋણ લેનાર 5 નું નામ અને હસ્તાક્ષર

સહ-ઋણ લેનાર 4 નું નામ અને હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીને આપેલ છે

નીચે જણાવેલ નામવાળા વ્યક્તિ દ્વારા

જામીનદારનુ નામ અને હસ્તાક્ષર

## પરત ચૂકવણી સમયપત્રક

| ઇનસ્ટલ# | ડ્યુ ડેટ | ખૂલતી સિલક | હપ્તો | મુદ્દલ | વ્યાજ | પ્રભાવી દર (%) દિવસો |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

*" કૃપા કરીને નોંધ લેશો કે અહીં ઉપર પૂરું પાડવામાં આવેલ પરત ચૂકવણીનું સમયપત્રક સંભવિત છે કે જેમાં ધિરાણ વિતરણની વાસ્તવિક તારીખ અને જથ્થાના આધારે ફેરફાર થઈ શકે છે અને તેની ઋણ લેનારને લેખિતમાં જાણ કરવામાં આવશે અને તેને આ કરારનો હિસ્સો ગણવામાં આવશે".